પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૬૩ • કુલ પાના : ૪ • તારીખ : ૦૫-૦૩-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## યુરોપના સૌથી મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પર રશિયાનો હુમલો, ચેર્નિહાઇવમાં હુમલો ૩૩ લોકોના મોત

કીવ,

યુક્રેનના અધિકારીઓએ દાવો કર્યો છે કે હુમલાના પ્રથમ દિવસથી રશિયાએ ૪૮૦ મિસાઈલો છોડી છે અને યુક્રેનની સંરક્ષણ પ્રણાલીએ તેમાંથી ઘણીને તોડી પાડી છે.યુક્રેનનું કહેવું છે કે રશિયન હુમલામાં અત્યાર સુધીમાં તેમના ૨૦૦૦ નાગરિકો માર્યા ગયા છે.રશિયાએ યુક્રેન પર તેના હુમલા તેજ કર્યા છે. રશિયાએ કિવ અને ખાર્કિવ બાદ હવે ચેર્નિહાઈવને નિશાન બનાવ્યું છે. યુક્રેનિયન મીડિયા અનુસાર, ચેર્નિહાઈવમાં રશિયન એર સ્ટ્રાઈકમાં ૩૩ લોકોના મોત થયા છે. જ્યારે ૧૮ લોકો ઘાયલ થયા છે.



યુક્રેનનો દાવો છે કે રશિયાએ આ હુમલો ચેર્નિહાઈવના રહેણાંક વિસ્તારોમાં કર્યો હતો. આ હુમલામાં ૩૩ લોકોના મોત થયા હતા. જ્યારે ૧૮ લોકો ઘાયલ થયા છે. હુમલામાં ઘરો, પુલ અને રસ્તાઓને વ્યાપક નુકસાન થયું હતું.ચેર્નિહાઈવ પર રશિયન એરસ્ટ્રાઈક પછી કેટલીક સેટેલાઈટ તસવીરો સામે આવી છે. તેમનામાં તબાહીનું દ્રશ્ય જોઈ શકાય છે. ચેર્નિહિવમાં રશિયન હુમલાથી રસ્તાઓ, પુલો અને ઘરોને વ્યાપક નુકસાન થયું હતું. સેટેલાઈટ તસવીરોમાં હુમલાના સ્થળો ઉપર ધુમાડો ઉડતો જોવા મળે છે.

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આજે ૯મો દિવસ છે. હવે સ્થિતિ ખરાબથી ખરાબ તરફ જઈ રહી છે. શક્તિશાળી રશિયા સતત યુક્રેનને બરબાદ કરવામાં વ્યસ્ત છે. બંને બાજુ જાનમાલનું ભારે નુકસાન થયું છે. આ દરમિયાન એવા સમાચાર છે કે રશિયાએ યુક્રેનના ઝાપોરિઝ્ઝિયા ઓબ્લાસ્ટ પ્રાંતના એનર્હોદર શહેરમાં મોટો હુમલો કર્યો છે. યુક્રેનિયન અધિકારીઓ દાવો કરે છે કે હુમલા બાદ યુરોપના સૌથી મોટા પરમાણુ પાવર સ્ટેશન ઝાપોરિઝ્ઝ્યામાંથી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા .

એસોસિએટેડ પ્રેસે યુક્રેન સરકારના એક અધિકારીને ટાંકીને મોટા સમાચાર આપ્યા છે કે યુરોપના સૌથી મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ (ઝાપોરિઝ્ઝ્યા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ)માંથી ધુમાડો નીકળતો જોવા મળી રહ્યો છે. યુક્રેનના વિદેશ પ્રધાન દિમિત્રો કુલેબાએ આગ પછી યુરોપના સૌથી મોટા પરમાણુ પાવર પ્લાન્ટ પરના હુમલાઓ બંધ કરવા રશિયન સૈનિકોને હાકલ કરી હતી. કુલેબાએ ટ્વિટ કર્યું, "જો તે બ્લાસ્ટ થશે, તો તે ચોર્નોબિલ કરતાં ૧૦ ગણો મોટો વિસ્ફોટ હશે! રશિયનોએ તરત જ આગને અટકાવવી જોઈએ." રશિયાએ યુક્રેનના એનર્હોદર શહેરમાં હુમલો કર્યો છે. એનર્હોદર એ યુક્રેનમાં ઝાપોરિઝ્ઝિયા ઓબ્લાસ્ટના ઉત્તર-પશ્ચિમ ભાગમાં એક શહેર અને નગરપાલિકા છે. ખરેખર, એનર્હોદર ઝાપોરિઝિયાથી અમુક અંતરે આવેલું છે. એનર્હોદર નિકોપોલ અને ચેર્વોનોહરીહોરીવકાની સામે, કાખોવકા જળાશય નજીક ડીનીપર નદીના ડાબા કાંઠે સ્થિત છે.

યુક્રેનના ઝાપોરિઝ્ઝિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં ૬ રિએક્ટર છે, જે આખા યુરોપમાં સૌથી મોટા અને પૃથ્વી પર ૯મું સૌથી મોટું રિએક્ટર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રશિયા હાલમાં મોર્ટાર અને આરપીજીથી તેના પર હુમલો કરી રહ્યું છે. ઉર્જા કેન્દ્રના કેટલાક ભાગોમાં હાલમાં આગ લાગી છે. રશિયનોએ અગ્નિશામકો પર પણ ગોળીબાર કર્યો.રશિયા અને યુક્રેન વચ્ચેની લડાઈ કોઈ વળાંક પર પહોંચતી દેખાતી નથી. આ યુદ્ધમાં ફરીથી પરમાણુ યુદ્ધનું જોખમ વધી ગયું છે. રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું ત્યારથી યુક્રેનના ન્યુક્લિયર પાવર સ્ટેશન તેના નિશાના પર છે. અગાઉ, ચેર્નોબિલ ન્યુક્લિયર પ્લાન્ટને ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ રશિયન સૈનિકોએ કબજે કરી લીધો હતો.

અમેરિકા સહિતના પશ્ચિમી દેશો યુક્રેનને મદદ કરી રહ્યા છે અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પહેલાથી જ ચેતવણી આપી ચૂક્યા છે કે જો કોઈ બહારની વ્યક્તિ હસ્તક્ષેપ કરશે તો એવા પરિણામો આવશે જે પહેલાં ક્યારેય જોવા મળ્યા નથી. નિષ્ણાતો પુતિનની આ ધમકીને પરમાણુ યુદ્ધ સાથે જોડીને જોઈ રહ્યા છે. ઈન્ટરનેશનલ કેમ્પેઈન ટુ એબોલિશ ન્યુક્લિયર વેપન અનુસાર, જો અમેરિકા અને રશિયા વચ્ચે પરમાણુ યુદ્ધ થાય તો મૃત્યુઆંક ૧૦૦ મિલિયનને પાર કરી જશે.

યુક્રેન પરના આક્રમણ પછી, રશિયન ચલણ રૂબલ (રશિયન કરન્સી કેશ) યુએસ ડોલર સામે ૧૧૭ પર આવી ગયું છે. તેમાં ૪૧ ટકાનો ઘટાડો થયો છે. આ ઘટાડો યુરોપિયન યુનિયન દ્વારા રશિયા પર લગાવવામાં આવેલા આર્થિક પ્રતિબંધોનું પરિણામ હોવાનું કહેવાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યુદ્ધને કારણે રશિયાને દરરોજ ૧.૨ લાખ કરોડનું નુકસાન થઈ રહ્યું છે.

યુક્રેન પરના આક્રમણ બાદથી રશિયા આર્થિક રીતે નબળો પડી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં, રશિયન ચલણ રૂબલ (રશિયન કરન્સી કેશ) યુએસ ડોલર સામે ૧૧૭ પર આવી ગયું છે. આ ૪૧ ટકાનો ઘટાડો હોવાનું કહેવાય છે. આ ઘટાડો યુરોપિયન યુનિયન દ્વારા રશિયા પર લગાવવામાં આવેલા આર્થિક પ્રતિબંધોનું પરિણામ હોવાનું કહેવાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યુદ્ધને કારણે રશિયાને દરરોજ ૧.૨ લાખ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. આ ઘટાડો ૨૬ ઓગસ્ટ ૧૯૯૮ ના રોજ રશિયન નાણાકીય કટોકટીના સર્વોચ્ચ સમયગાળા કરતાં પણ વધુ છે.

## ખાદ્યતેલના ભાવમાં નોંધપાત્ર વધારો, એક જ દિવસમાં સીંગતેલ અને કપાસિયા તેલના ભાવ વધ્યા

અમદાવાદ,

કોરોનાની મારથી હજી લોકો બહાર આવ્યા નથી ત્યાં મોંઘવારીની મારનો સામનો પ્રજા કરી રહી છે, ખાધતેલના ભાવમાં વધારો થતાં સામાન્ય લોકોનું બજેટ ખોરવાયું છે. તેલના ભાવ હાલ આસમાને છે અને હજુપણ ભાવમાં વધારો થવાની પુરી સંભાવના છે. ફરી એકવાર ખાદ્યતેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. ભાવ વધારાની સાથે જ સીંગતેલ અને કપાસિયા તેલ ૨૫૦૦ રૂપિયાને પાર પહોંચ્યું છે.

મધ્યમવર્ગની મુશ્કેલીઓમાં એક પછી એક વધારો થતો જઈ રહ્યો છે. કોરોના ની મહામારીમાં પડેલા આર્થિક સંકટના મારમાંથી હજુ તો જનતા માંડ બહાર આવી રહી હતી. ત્યાં હવે મધ્યવર્ગ પર મોંઘવારીનો વધુ એક માર પડ્યો છે. સીંગતેલના ભાવમાં એક જ દિવસમાં ૭૦ રૂપિયાનો વધારો થયો છે. જેને લઈ સીંગતેલનો ડબ્બો ૨૫૨૦ રૂપિયા પર પહોંચ્યો છે. તો કપાસિયા તેલના ભાવમાં પણ એક જ દિવસમાં ૧૧૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. જેને લઈ કપાસિયા તેલના ડબ્બાના ભાવ ૨૫૫૦ રૂપિયાને પાર પહોંચ્યાં છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર સીંગતેલમાં હજુ ભાવ વધવાની શકયતા પૂરેપૂરી છે. સીંગતેલમાં સતત ભાવ વધારો થવાને કારણે હાલ સીઝનમાં લોકોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે.

સીંગતેલના ભાવ વધતા મોટાભાગના લોકો કપાસિયા તેલ તરફ વળ્યા હતા પરંતુ હવે કપાસિયા તેલના ભાવ પણ ભડકે બળવા લાગ્યાં છે..જેને લઈ લોકોને કયુ તેલ વાપરવું તે એક સવાલ છે. સતત વધતા ભાવને કારણે લોકોનું બજેટ ખોરવાઈ રહ્યું છે. એટલું જ નહીં આગામી સમયમાં હજી પણ લોકોને મોંઘવારીનો માર સહન કરવો પડી શકે છે.

## આગામી ૧૨મી માર્ચે વડાપ્રધાન મોદી ખેલ મહાકુંભ ૨૦૨૨નો પ્રારંભ કરાવશે

અમદાવાદ,

કોરોનાના બે વર્ષ બાદ રાજ્યમાં ખેલ મહાકુંભ યોજાવા જઈ રહ્યો છે.ત્યારે આગામી ૧૨મી માર્ચના રોજ અમદાવાદના નવરંગપુરા ખાતે સરદાર પટેલ સ્ટેડિયમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાત ખેલ મહાકુંભ ૨૦૨૨ની શરૂઆત કરવામાં આવશે.જેને લઈ નવરંગપુરા સ્ટેડિયમ ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.ત્યારે પશ્ચિમ ઝોન ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર આઈ.કે પટેલ અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સી.આર ખરસાણને સ્ટેડિયમના કાર્યક્રમ અંગે જવાબદારી સોપાઈ છે.

આજે બંને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરો દ્વારા સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ઝોન અને વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સાથે રાઉન્ડ લઈને તૈયારીઓ અંગે સમીક્ષા કરી હતી.આમ ગુજરાત ખેલ મહાકુંભને લઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી.જેમાં સમગ્ર કાર્યક્રમની રૂપરેખા ઘડી દેવામાં આવી હતી અને અલગ-અલગ અધિકારીઓને અલગ-અલગ જવાબદારીઓ સોંપવામાં આવી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ ખાતે આવવાના હોઈ કોઈપણ પ્રકારની ચૂક ન રહી જાય તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.જેમાં બેઠક વ્યવસ્થાથી લઈ પાર્કિંગ,હોર્ડિંગ્સ, બેનરો,સેન્ટ્રલ કમાન્ડ કંટ્રોલરૂમ, સિક્યુરિટી, સ્ટેજ, ગ્રીનરૂમ વગેરેની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## જમ્મુ-કાશ્મીરના લોકોની ભાવનાઓનું સન્માન કરવું જોઈએ : રાજકીય પક્ષોએ જવાબ આપ્યો



શ્રીનગર,

જમ્મુ-કાશ્મીરના પ્રાદેશિક પક્ષોએ અમેરિકાના એ નિવેદન પર પ્રતિક્રિયા આપી છે, જેમાં તેણે કહ્યું હતું કે રાજ્યમાં ચૂંટણી નથી થઈ રહી. આ સિવાય અમેરિકાએ માનવ અધિકારના પડકાર પર પણ સવાલ ઉઠાવ્યા હતા. અમેરિકાની ટિપ્પણી પર પ્રાદેશિક પક્ષોએ કહ્યું છે કે તે દર્શાવે છે કે વિશ્વ કાશ્મીરની જમીની સ્થિતિથી વાકેફ છે. નજીકના પૂર્વ, દક્ષિણ એશિયા, મધ્ય એશિયા અને કાઉન્ટર ટેરરિઝમ પર યુએસ સેનેટ સબ-કમિટીએ ૨ માર્ચે એક નિવેદન બહાર પાડ્યું હતું.આ નિવેદનમાં અમેરિકન કમિટીએ જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી ન કરાવવા પર સવાલ ઉઠાવ્યો હતો. તેના જવાબમાં નેશનલ કોન્ફરન્સના સાંસદ હસનૈન મસૂદીએ કહ્યું કે, અમે આ મામલે ભારત સરકારને ચેતવણી આપીએ છીએ કે અહીંની સ્થિતિને નજરઅંદાજ કરી શકાય નહીં. તેમણે કહ્યું કે ભારત વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છે અને તે તેની ૧૩ કરોડની વસ્તીના એક ભાગને અમલદારોના શાસનમાં છોડી શકે નહીં.મસૂદીએ કહ્યું કે કેન્દ્ર સરકારે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ લીધેલા નિર્ણયને પાછો ખેંચીને જમ્મુ-કાશ્મીરના લોકોની ભાવનાઓનું સન્માન કરવું જોઈએ.

મસૂદીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી કરાવવાની જરૂર છે. અમેરિકા તરફથી જે નિવેદનો આવ્યા છે તેને ભારત સરકારે વેકઅપ કોલ તરીકે લેવું જોઈએ. જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લી વખત ડિસેમ્બર ૨૦૧૪માં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી અને ત્યારબાદ ૨૦૧૫ની શરૂઆતમાં ભાજપ અને પીડીપીએ સાથે મળીને સરકાર બનાવી હતી.પરંતુ જૂન ૨૦૧૮માં ભાજપે સરકારને આપેલો ટેકો પાછો ખેંચી લીધો અને ત્યારબાદ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું. આ પછી, ૨૦૧૯ માં કલમ ૩૭૦ દૂર કરવામાં આવી હતી અને રાજ્યનું પુનર્ગઠન કરતી વખતે લદ્દાખને અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હતો.

યુએસના નિવેદન પર પીડીપીના પ્રવક્તા સુહેલ બુખારીએ કહ્યું કે, "આ વિસ્તારને એક પ્રકારે બંધક તરીકે રાખવામાં આવ્યો છે અને તમામ બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે." અમારો અધિકાર છીનવાઈ ગયો છે અને લોકોને બાજુ પર રાખવામાં આવી રહ્યા છે.તેમણે કહ્યું કે ભારત સરકારે આ સમસ્યાને દૂર કરવા માટે પગલાં ભરવા જોઈએ. છેલ્લા કેટલાક વર્ષોમાં જે પણ નિર્ણયો લેવામાં આવ્યા છે તે નિષ્ફળ સાબિત થયા છે. તેથી તેઓએ તેમની ભૂલોને સુધારવા માટે તાત્કાલિક જરૂરી નિર્ણયો લેવા જોઈએ.

## રાજ્યમાં ઉદ્યોગોને જમીન આપવાના મુદ્દે સરકારનો સ્વીકાર, બે વર્ષમાં ૧૦૩ કરોડ ૮૦ લાખ ચોરસ મીટર જમીન અપાઈ

અમદાવાદ,

રાજ્યમાં ઉદ્યોગોને ખરાબા અથવા ગૌચરની જમીન આપવા મુદ્દે સરકારે ગૃહમાં મોટી કબૂલાત કરી. ગુજરાતમાં બે વર્ષમાં ૧૦૩ કરોડ ૮૦ લાખ ચોરસ મીટર જમીન ભાડે કે વેચાણથી આપવામાં આવી છે. ઉદ્યોગોને સરકારે પ્રતિદિન ૧૪ લાખ ૨૨ હજાર ૦૧૮ ચોરસ મીટર જમીનની લ્હાણી કરી. કોંગ્રેસના ધારાસભ્યએ પૂછેલા સવાલના જવાબમાં સરકારે કહ્યું કે કચ્છમાં સૌથી વધુ ૯૫ કરોડ ૬૫ લાખ ચોરસ મીટર જમીન ભાડે અથવા વેચાણથી આપવામાં આવી છે. ઉદ્યોગોને જમીન ભાડે કે વેચાણથી આપવા મુદ્દે કોંગ્રેસ સરકાર પર જોરદાર કટાક્ષ કર્યો. કોંગ્રેસના ધારાસભ્યએ કહ્યું કે ગરીબોને આપવા ૫૦ કે ૧૦૦ ચોરસ મીટર જમીનના પ્લોટ નથી. અને ઉદ્યોગોને સરકાર જમીનોની લ્હાણી કરી રહી છે.

વિધાનસભા ગૃહમાં ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) સુધારા વિધેયક રજૂ થયું છે. આ મુદ્દે મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સત્રમાં જણાવ્યું કે " સંજોગો અનુસાર વિધેયકમા ફેરફાર જરૂરી છે." " પૂર્વ મંત્રી પ્રદિપસિંહ જાડેજાને અભિનંદન આપું છું" "આજદીન સુધી ૪૯૯ અરજીઓ થઈ છે" "લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ૯૯ એફઆઈઆર થઈ" "૪૭૮ ઈસમો સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી થઈ" " ૪૮ કેસમાં ચાર્જશિટ દાખલ કરવામાં આવી" "કાયદાના કારણે ૨૮૬૩ વિઘા સરકારી જમીન ખાલી કરાવાઈ હોવાનું મહેસુલ મંત્રીએ ઉમેર્યુ છે.

## ગુજરાતમાં યોજાનાર ડિફેન્સ એક્સપો મોકૂફ, ડિફેન્સ મિનીસ્ટ્રીએ જાહેરાત કરી

ગાંધીનગર,

ગુજરાતના આંગણે યોજાનાર ડિફેન્સ એક્સપો મામલે મોટા અપડેટ સામે આવ્યા છે. ૧૦ થી ૧૪ માર્ચ દરમિયાન ડિફેન્સ એક્સપો યોજાનાર ડિફેન્સ એક્સપો હાલ મુલત્વી રાખવામાં આવ્યો છે. મિનીસ્ટ્રી ઓફ ડિફેન્સના સ્પોક પર્સન ભરતભૂષણ બાબુ દ્વારા હાલ ડિફેન્સ એક્સપો મોકૂફ કરાયાની જાહેરાત કરાઈ છે. તેમણે ટ્વીટ કરીને કહ્યુ કે, ગુજરાતના ગાંધીનગરમાં ૧૦થી ૧૪ માર્ચ દરમિયાન આયોજિત ડિફેન્સ એક્સપોને હાલ લોજિસ્ટિક સમસ્યાઓને કારણે મોકૂફ કરાયો છે. ટૂંક સમયમાં જ નવી તારીખ જાહેર કરવામાં આવશે.

કેટલાક લોજિસ્ટિક કારણોથી ડિફેન્સ એક્સપોને મુલત્વી રાખવાની જાહેરાત કરાઈ છે. પરંતુ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, રશિયા અને યુક્રેન યુદ્ધ પણ ડિફેન્સ એક્સપોના મુલત્વી રહેવાનુ મુખ્ય કારણ છે. ગુજરાતના આંગણે યોજાનાર ભવ્ય ડિફેન્સ એક્સપો માટે અનેક તૈયારીઓ કરવામાં આવી હતી. આ માટે અમદાવાદમાં રસ્તાઓ બંધ રાખવાનું જાહેરનામુ પણ બહાર પાડવામાં આવ્યુ હતુ. જોકે, હવે આ એક્સપો ક્યારે યોજાશે તેની જાહેરાત યુદ્ધની સ્થિતિ પૂર્વવત બને તેના બાદ થશે તેવુ લાગી રહ્યુ છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૨૨ ના વર્ષમાં ગુજરાતમાં અનેક મોટા કાર્યક્રમો રદ થયા છે. ગત મહિને કોરોનાની ત્રીજી લહેરને કારણે વાઈબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ તથા અમદાવાદનો ફ્લાવર શો રદ કરાયો હતો. ત્યારે હવે ડિફેન્સ એક્સપોનું ભવ્ય આયોજન થવાનુ હતું. પરંતુ તે પહેલા જ યુક્રેન રશિયા વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું.

## સ્વદેશી રીતે બનાવેલ કવચ ટ્રેનોને અથડાતી અટકાવશે: રેલ મંત્રી

નવીદિલ્હી,

સ્વદેશી બનાવટની ટ્રેન કોલિઝન પ્રોટેક્શન સિસ્ટમ 'કવચ'હ્ન તૈયાર છે અને હવે રેલવેએ પણ તેનો ઉપયોગ શરૂ કરી દીધો છે. વાસ્તવમાં શુક્રવારે કવચનું પરીક્ષણ કરીને ભારતીય રેલ્વેએ નવો ઈતિહાસ રચ્યો છે. સ્વદેશી બનાવટની આ સિસ્ટમ હેઠળ ટ્રેનો એકબીજા સાથે ટકરાશે નહીં.



આ પરીક્ષણ કરવા માટે, રેલ્વેએ બે ટ્રેનો વિરુદ્ધ દિશામાં ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડાવી હતી. પરંતુ 'કવચ'હ્નના કારણે આ બંને ટ્રેનો ટકરાઈ ન હતી અને તેમની ગતિ આપોઆપ ધીમી પડી ગઈ હતી. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે પોતે હૈદરાબાદમાં 'કવચ'હ્નનું કામ જોયું હતું. આ પ્રસંગે બોલતા, તેમણે કહ્યું, "કવચ (સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ) એસઆઈએલ-૪ પ્રમાણિત છે જે સલામતી પ્રમાણપત્રનું ઉચ્ચતમ સ્તર છે."

"ભવિષ્યની યોજના તેને ખૂબ જ ઝડપથી શરૂ કરવાની અને અન્ય દેશોમાં પણ તેની નિકાસ કરવાની છે. આ વર્ષે અમે તેને ૨,૦૦૦ કિલોમીટરથી શરૂ કરીશું અને આગામી વર્ષોમાં દર વર્ષે ૪,૦૦૦-૫,૦૦૦ કિલોમીટરની ઝડપે શરૂ કરીશું," તેવું રેલ્વે મંત્રીએ જણાવ્યું હતું.

## એર ઈન્ડિયા સહિત તમામ એરલાઈન્સે ઈકોનોમી ટિકિટના દરમાં ૪૦ થી ૫૦%નો વધારો કર્યો

મુંબઈ,

હવે દેશમાં હવાઈ મુસાફરી પણ મોંઘી થઈ ગઈ છે. એર ઈન્ડિયાની જે ટિકિટ દિલ્હી મુંબઈ વચ્ચે ૨૫૦૦ રૂપિયામાં મળતી હતી તે હવે ૪૦૦૦ રૂપિયામાં મળી રહી છે. ઈન્ડિગોમાં મુસાફરી કરવા માટે આ જ ટિકિટની કિંમત ૬૦૦૦ રૂપિયા છે. ટિકિટની કિંમત માટે બે કારણો આપવામાં આવી રહ્યા છે. પહેલું કારણ એ છે કે એટીએફ ૨૬ ટકા મોંઘું થયું છે. બીજું કારણ ૮૦ થી ૯૦% સીટોનું વેચાણ છે.

વર્ષ ૨૦૨૨ની શરૂઆતથી એવિએશન ટર્બાઈન ફ્યુઅલ દર ૧૫ દિવસે વધી રહ્યું છે. હવે પાંચમી વખત ૩.૩૦ ટકા વધ્યા બાદ આ વર્ષે એટીએફમાં ૨૬ ટકાનો વધારો થયો છે.

એક ટોચની એરલાઈને નામ ન આપવાની શરતે જણાવ્યું કે કોરોના સંકટના અંત પછી હવે મુસાફરો હવાઈ મુસાફરીમાં ભારે ઉત્સાહ બતાવી રહ્યા છે. આવી સ્થિતિમાં એરલાઈન ભાડાની ગતિશીલ પદ્ધતિનો ઉપયોગ કરી રહી છે. એટલે કે સીટો ઝડપથી વેચાઈ રહી છે. જેના કારણે ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. ઈંધણના ભાવમાં વધારો એ ભાડામાં વધારાનું એક નાનું પરિબળ છે, અને ઝડપથી બેઠકો ભરવી એ ઘણું મોટું પરિબળ છે.એરલાઈન્સનું કહેવું છે કે, જો આપણે કિંમત વધારીએ અને પ્લેન ખાલી થઈ જાય તો તેનો કોઈ ફાયદો નથી, તેથી મુસાફરોના ઉત્સાહને ધ્યાનમાં રાખીને કિંમત નક્કી કરવામાં આવે છે.

## મોદીને ભારતીયોને કાઢવા અને ત્યાંની સ્થિતિની સમીક્ષા કરી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે રશિયા-યુક્રેન સંકટ પર એક હાઈ લેવલ બેઠક લીધી હતી. આ બેઠકમાં ઓપરેશન ગંગાની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. યુક્રેનથી ભારતીયો કાઢવા અને ત્યાંની સ્થિતિ પર ચર્ચા થઈ હતી. મીટિંગમાં વિદેશ મંત્રી એસ. જયશંકર, કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ અને એનએસએ અજીત ડોભાલ હાજર હતા. ભારતીયોને યુક્રેનથી સુરક્ષિત કાઢવા માટે વડાપ્રધાનની આ ૮મી બેઠક છે. આ પહેલા બુધવારે વડાપ્રધાને હાઈલેવલ બેઠક બોલાવી હતી. સરકારે ભારતીય નાગરિકોને ઝડપથી કાઢવા માટે યુક્રેન બોર્ડર સાથે જોડાયેલા ૪ દેશોમાં વિશેષ દૂત પણ તહેનાત કર્યા છે. રશિયન નેશનલ ડિફેન્સ કંટ્રોલ સેન્ટરના વડા કર્નલ જનરલ મિખાઈલ મિઝિન્ટસેવે જાહેરાત કરી હતી કે ૧૩૦ રશિયન બસ ભારતીય વિદ્યાર્થીઓ અને અન્ય વિદેશીઓને યુક્રેનના ખાર્કિવ અને સુમીથી રશિયાના બેલ્ગોરોડ પ્રદેશમાં સ્થળાંતર કરવા માટે તૈયાર છે. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં ત્યાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓ સુરક્ષિત નથી. આ દરમિયાન યુક્રેનમાં પંજાબના હરજોત સિંહને ગોળી વાગી છે. તે કાર દ્વારા લ્વિવ સિટી જઈ રહ્યો હતો. હાલ હરજોતને કિવની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પરંતુ હરજોતે ભારત સરકારને ટ્વીટ કરીને મદદ માંગી છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી મોરવા(હ) અ.સે.મં.લી.

મુ. બામણા ફળીયું-મોરવા(હ), તા. મોરવા(હ), જી.પંચમહાલ

## છેલ્લા ૧૪ વર્ષમાં ઘઉં સૌથી ઊંચી સપાટી પર

નવીદિલ્હી,

હાલમાં ચાલતી યુક્રેન અને રશિયા વચ્ચે ની લડાઈમાં અન્ય સાથે છતાં વ્યવહારોની રોક ઊભી થઈ છે, જેની સીધી અસર પુરવઠા પર પડી છે.ભારત કૃષિ પ્રધાન દેશ હોવાને કારણે અનાજની આયાત- નિકાસ થતી તકલીફો પડી તેની સીધી અસર ઘઉંના ભાવ પર દેખાય છે.યુક્રેનને તેના બંદરો અને અન્ય નિકાસ સુવિધાઓને નુકસાન થયું છે જ્યારે રશિયન સૈનિકોએ દેશમાં આક્રમણ કર્યું છે જ્યારે પશ્ચિમી પ્રતિબંધોએ રશિયન પુરવઠાને અસર કરી છે.શિકાગો ઘઉં ગુરુવારે ૧૪-વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, આ સપ્તાહે તેના મૂલ્યમાં એક ક્વાર્ટર કરતાં વધુનો ઉમેરો થયો હતો, કારણ કે રસિયાના આક્રમણને પગલે યુક્રેનના



નિકાસ માળખાને નુકસાન થતાં કાળા સમુદ્રના પ્રદેશમાંથી લાંબા ગાળાના પુરવઠામાં વિક્ષેપ અંગે ચિંતા વધી હતી.મકાઈ ૧.૮% વધી અને સોયાબીન ૦.૮% વધ્યું રશિયા અને યુક્રેન વૈશ્વિક ઘઉંની નિકાસમાં લગભગ ૨૯% હિસ્સો ધરાવે છે, મકાઈની નિકાસમાં ૧૯% અને સૂર્યમુખી તેલની નિકાસમાં ૮૦% હિસ્સો ધરાવે છે, જે સોયાઓઈલ સાથે તારીખોની તુલના કરે છે.

શિકાગો બોર્ડ ઓફ ટ્રેડ પર સૌથી વધુ સક્રિય ઘઉંનો કોન્ટ્રાક્ટ માર્ચ ૨૦૦૮ પછી સત્રની શરૂઆતમાં ૧૧.૩૪ ડોલર પ્રતિ બુશેલના સ્તરે સૌથી વધુ ચડ્યા પછી ૦૨૪૪ ઋખઝ દ્વારા ૧૦.૭૬ ડોલર પ્રતિ બુશેલ પર ૩.૩% વધી ગયો હતો. ઘઉંના બજારમાં માત્ર ચાર સત્રોમાં લગભગ ૨૫%ની તેજી આવી છે. કોમોડિટી ફંડ્સ ઈઈઘઝ ઘઉંના ફ્યુચર્સ કોન્ટ્રાક્ટના સીધા ખરીદદારો હતા અને મકાઈ, સોયાબીન, સોયા તેલ અને સોયા મીલ ફીચરના સીધા વિક્રેતાઓના વેપારમાં જણાવે છે. આમ કોમોડિટી ને લઈને થતી વૈશ્વિક અસરો માં મુખ્ય ઘઉંની સિદ્ધી અસર કરે છે, જે નોંધનીય વધારો છે જેની અસર પુરવઠા પર સીધી રીતે જોવા મળે છે.

# મહીસાગર જિલ્લાના મેડીકલના અભ્યાસ અર્થે યુક્રેન ગયેલ વિદ્યાર્થી કુંજન પટેલ હેમખેમ માદરે વતન પરત



લુણાવાડા,
કુંજન પટેલ હેમખેમ માદરે વતન પોતાના ઘરે પહોંચી જતા પરીવારજનોએ હર્ષ ભીની આંખે તેને વધાવી તેના પરીવારજનોએ આ ક્ષણે ભારત સરકારની યુદ્ધની કટોકટી ભરી સ્થિતિમાં મિશન ગંગા થકી પોતાના પુત્રને ઉગારવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતા. તેમજ ગુજરાત સરકાર અને મહીસાગરના વહીવટી તંત્ર દ્વારા પણ સતત સહયોગ અને ટેકો આપવા બદલ આભાર વ્યક્ત હતો.

કુંજન પટેલ જણાવ્યું કે, અણીના સમયે ભારત સરકારે અમારા માટે અતિ સંકટની વિપરીત સમયમાં પણ વિશેષ અભિયાન ઓપરેશન ગંગા દ્વારા અમારી તારણહાર બનીને અમને ઉગાર્યા હતા. હું યુક્રેનની ઉઝહોરોડ નેશનલ મેડીકલ યુનીવર્સીટીમાં મેડીકલનો અભ્યાસ કરૂ છું. યુક્રેનની યુદ્ધગ્રસ્ત સ્થિતિમાં ભારત સરકારની એમ્બેસી દ્વારા એડવાઇઝરી જાહેર કરી અમને હંગેરી સુધી આવવા જણાવ્યું હતું અને ત્યાંથી અમને ટ્રાન્ઝીટ વિઝા આપી અમને ઇન્ડિયન એમ્બેસી દ્વારા લાવવામાં આવ્યા હતા. જયાંથી અમને દિલ્હી માટે રવાના થઇને સુખરૂપ મારા સાંઢપાળીયા માદરે વતન પરત આવ્યા છું.

હાલમાં ભારત સરકાર દ્વારા યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓ સહિતના ભારતીયોને પરત લાવવા માટે વિશેષ અભિયાન ઓપરેશન ગંગા હાથ ધરવામાં આવ્યું છે અને હજારો લોકોને પરત લાવવામાં સફળતા મળી છે. યુદ્ધની ભીષણ સ્થિતિમાં જયા ચોતરફ બોમ્બ ધડાકા અને ગોળીબાર ચાલી રહ્યાં છે. તેવી સ્થિતિમાંથી પણ ભારતીય નાગરિકો સલામત રીતે પરત આવી રહ્યાં છે. તે આ મિશનની મોટી સફળતા છે.

તેમણે જિલ્લા વહીવટી તંત્રનો વિશેષ આભાર માન્યો હતો. આવી સ્થિતિમાં તંત્ર સતત તેમને માહિતગાર રાખ્યા હતા અને વિદ્યાર્થીઓને પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની માહિતી આપી હતી.

## સંતરામપુરના ટીંભરવા ગામે જંગલ જમીન માંથી ઝાડો ખોદી નાખતા JCB જપ્ત કર્યું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ટીંભરવા ગામે જંગલની જમીનમાં રાત્રિના સમયે રસ્તો કાઢતાં જેસીબી જ કરાયું. સંતરામપુર તાલુકાના આવેલું ટિમ્બરવા ગામે ૧૭૦ જંગલની જમીનમાં સરકારી વનવિભાગ તંત્રને મંજૂરી વિના બારોબાર રાત્રિના સમયે જઈને જંગલની જમીનમાં રસ્તો કાઢવા માટે જેસીબી દ્વારા ખોદી નાખવામાં આવ્યું હતું. આ જંગલની જમીનમાં ૯ સાગી વૃક્ષો અને એક લીમડો કુલ મળીને નવ હજાર રૂપિયાનું આશરે નુકસાન કર્યું હતું. જેસીબી દ્વારા ઉછરેલા વૃક્ષોને ઉખાડી કાઢી નાખ્યા હતા આના કારણે મોટાપાયે નુકસાન થયું હતું. ફોરેસ્ટ વિભાગ દ્વારા રાત્રિના સમયે પેટ્રોલિંગ દરમિયાનમાં જંગલની જમીનમાં રસ્તો કાઢતાં તાત્કાલિક જેસીબી બંધ કરી દીધું અને ઘટના સ્થળે પહોંચીને જેસીબીને ફોરેસ્ટ વિભાગે કબજામાં લઇને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યાંના સરપંચ કાંતિભાઈ અને મહેશકુમાર લક્ષ્મણ ડામોર જેસીબીના ડ્રાઇવરની આ અંગેની ફોરેસ્ટ વિભાગના અધિકારીઓએ પૂછપરછ કરી હતી અને સઘન તપાસ હાથ ધરી હતી. જંગલની જમીનમાં વૃક્ષો અને સરકાર દ્વારા ખર્ચ કરાયેલું પ્લાન્ટેશન પણ તોડી પાડ્યો હતો. પ્લોટને મોટા પાયે નુકશાન કર્યું હતું.

## સંતરામપુર તાલુકાના નરસિંગપુર ગામે જુગાર રમતા પાંચ જુગારીઓ ઝડપાયા

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના નરસિંહ પુર ગામે પોલીસને બાતમી મળતા જ રેડ કરીને આરસીસી રસ્તાની બાજુમાં ખુલ્લામાં ગેરકાયદેસર રીતે પાના પત્તાનો જુગાર રમી રમતા હતા. પોલીસે પાંચ જુગારીઓને ઝડપી પાડયા હતા. ઉદેસિંહ લક્ષ્મણભાઈ પારગી, શૈલેષ બોલુ રાવળ, સોમાભાઈ શકજીભાઈ પારગી, રણજીત પ્રતાપ પારગી, મગન કાળુ પારગીને પોલીસે ઝડપી પાડયા હતા અને મુદ્દામાલ કબજે કર્યો હતો.

## દાહોદ થી સંજેલી જતી બસ દાહોદ બસ સ્ટેશન નજીક ઓવર બ્રિજ પાસે બગડી જતાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા



દાહોદ,
દાહોદ થી ઝાલોદ થઈ સજેલી થી મંત્રાલ તરફ જતી એટલે બસ ગુજરાત પરિવહન નિગમની એસટી બસ દાહોદ બસ સ્ટેન્ડ નજીક ઓવરબ્રિજ પાસે જ બગડી જતા ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. ટ્રાફિક જામ થતા લોકોને ટ્રાફિકમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા દાહોદ ટ્રાફિક પોલીસ પહોચી હતી. પેસેન્જર ભરેલી દાહોદના મુખ્ય એવા માર્ગ પર બગડી જતા ઝાલોદ સજેલી તરફ જતા પેસેન્જરો ઉતરી બુસને ધક્કો મારી બુસને શરૂ કરવાની કોશિષ કરી હતી, પણ બસએ વિચારી લીધું હતું કે ચાલુ નથી થવુ જેને લઈ બસને પેસેજરો દવારાજ ધક્કો મારી પાછી બસ સ્ટેન્ડમાં રવાના કરી હતી. આમ, તો દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વમાં ડિજિટલ ઈન્ડિયા બનાવવાના પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે દાહોદના નજીક એસટી બસને પેસેન્જર એસ.ટી.ને ધક્કો મારતા દ્રશ્ય જોઈ એક કુતુહલ ફેલાયો હતો. લોકોના મુખમાં સ્મિત જોવાઈ રહી હતી. આવા હાસ્યપદ દ્રશ્યો સર્જાતા આ વગડેલી બસ લોકોની ચર્ચાનો વિષય બની હતી. આવી ઘટના આ એક વાર નથી બની અવાર નવાર દાહોદના મુખ્ય માર્ગો પર બસો બગડી જતી હોય છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જેના કારણે પેસેન્જરોની પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે.

## નર્મદા પાઇપ લાઇનમાં લીકેજના કારણે કબીરપુરના ખેડૂતો પરેશાન


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર,
ગોધરા તાલુકાના મોટી કાંટડી પાસે આવેલ નર્મદા મુખ્ય કેનાલ આધારિત પી.એમ. ૪ જૂથ યોજનાની પાઇપ લાઇન રતનપુર પુર તરફ થી કબીરપૂર થઈને નદીસર આવે છે. તે લાઈનમાં લિકેજના કારણે વારંવાર મુશ્કેલી સર્જાઈ છે.

સદર લાઈનમાં લીકેજના કારણે એક તરફ પાણીનું પ્રેસર પણ ઓછુ આવે છે, તેમજ ખેતરમાં લીકેજના કારણે ખેડૂતો પાક પણ લઈ શકતા નથી. આ અંગે સદર લાઈન પર પાણીનું વિતરણ કરતા કર્મચારીનું કબીરપુરના ખેડૂતોએ વારંવાર ધ્યાન દોર્યું છે, છતાં પણ આ અંગે કોઈ ધ્યાન અપાતું નથી. જ્યારે પાણી બંધ થયા બાદ ગંદુ પાણી પાઈપ લાઈનમાં પણ પાછું જતા આગળના ગામોને આરોગ્ય વિષયક ચિંતા પણ ઊભી થાય તેમ છે. કબીરપુરના ખેડૂતોના જણાવ્યા મુજબ સદર નર્મદાની પીવાના પાણીની લાઈન પર કબીરપુરમાં જ ચારેક સ્થળે લીકેજ છે. ત્યારે અન્ય સ્થળે પણ લીકેજ હોવાની શક્યતા છે. ત્યારે તાત્કાલિક તંત્ર દ્વારા લાઈનનું સર્વે કરી તમામ લીકેજ દુરસ્ત કરવા માંગ ઉઠી છે.

## દાહોદ તાલુકામાં સમાવિષ્ટ ૭ ગામોમાં અંધારપટ છવાયો, સ્ટ્રીટ લાઈટના બીલોની ભરપાઈ ન થતા MGVCLએ કનેકશનો કાપ્યા

દાહોદ,
દાહોદ તાલુકાના ૭ ગામોમાં અંધારા ઉલચવાનો વારો આવ્યો છે. ઉપરોક્ત પંચાયતો દ્વારા સ્ટ્રીટ લાઈટના એક લાખ ઉપરાંતના વિજબીલની રકમ ન ભરપાઈ થતા એમ.જી.વી.સી.એલ દ્વારા સ્ટ્રીટ લાઈટના કનેકશનો કાપી દેવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા મહત્વકાંક્ષી જિલ્લાઓમાં સામેલ દાહોદ જિલ્લામાં પાયાની સુવિધાઓ આપવા તેમજ કામોમાં થયેલ ખામીને દૂર કરવા દિલ્હીથી સચિવ નિયુક્ત કરવામાં આવ્યા છે. ત્યારે બીજી તરફ દાહોદ તાલુકામાં સમાવિષ્ટ લીલર, કતવારા, કઠલા કાલી તળાઈ, વણભોરી રામપુરા અને જેકોટ સહિતના ૭ ગામોના સ્ટ્રીટલાઇટના ૧,૦૯,૭૦૮.૪૫ જેટલાં બિલો બાકી નીકળતા બિલોની સમયસર ભરપાઈ કરવામાં ન આવતા એમ.જી.વી.સી.એલ દ્વારા દાહોદ તાલુકામાં સમાવિષ્ટ ઉપરોક્ત ૭ ગામોની સ્ટ્રીટલાઇટના કનેક્શન કાપી દેવામાં આવ્યા છે. જેના પગલે આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ તાલુકાના સમયથી ગામોના રહેવાસીઓને અંધારા ઉલેચવાનો વારો આવ્યો છે. જોકે સ્ટ્રીટ લાઈટના બાકી નીકળતા બીલોની ભરપાઈ ક્યાં કારણોસર કરવામાં આવી નથી. તેં અંગે હાલ કોઈ સ્પષ્ટતા થવા પામી નથી. ત્યારે હાલના તબક્કે એમ.જી.વી.સી.એલ દ્વારા સ્ટ્રીટ લાઈટના કનેક્શન કાપી દેવામાં આવ્યા છે. ત્યારે શહેર જેવી પ્રાથમિક સુવિધાઓ પ્રાપ્ત કરવાના સ્વપ્ન જોતા ઉપરોક્ત ગામોના લોકો ને હાલના આ તબક્કે અંધારપટ ના લીધે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

# કચ્છ : સરહદ ડેરીએ ૭૨૫ મંડળીઓની માગ બાદ દૂધ અને ફેટના ભાવમાં વધારો કર્યો

ભુજ,
તાજેતરમાં જ અમુલ ફેડરેશન દ્વારા પેકેજીંગ દુધના ભાવમાં બે રૂપીયાનો વધારો કરવામાં આવ્યો છે. ત્યારે હવે પશુપાલકો પણ દુધના ફેટના ભાવમાં વધારો કરવામાં આવે તેવી માગ કરી રહ્યા છે. આજે કચ્છ જીલ્લાની સરહદ ડેરી સાથે સંકડાયેલા પશુપાલક મંડળીના પ્રતિનીધીઓએ સરહદ ડેરીના ચેરમેન અને અમુલના વાઈસ ચેરમેન સમક્ષ કચ્છમાં પણ પશુપાલકોને દુધ ભાવમાં વધારો કરવામા આવે તેવી માંગ કરી છે.

આજે સવારે પશુપાલકોની રજુઆત બાદ સરહદ ડેરીએ પ્રતિ કિ.લો ફેટ રૂપીયા ૨૦નો વધારો કર્યો છે. જેથી પશુપાલકોને હાલમાં મળતા ભાવ કરતા દોઢ રૂપીયા વધુ મળશે. ઉનાળાની શરૂઆત થઈ રહી છે અને જો ભાવ નહીં વધે તો પશુપાલકો માટે મુશ્કેલી સર્જાશે તેવી રજુઆત સાથે કચ્છના પશુપાલકોએ ફેટ દીઠ ભાવ વધારા માટે માગ કરી હતી. કચ્છમાં સરહદ ડેરી સાથે ૭૨૫ જેટલી મંડળીના ૫૫,૦૦૦ પશુપાલકો જોડાયેલા છે. આજે શીતકેન્દ્રના ૪૦ થી વધુ ૧૦ તાલુકાના તમામ પશુપાલક પ્રતિનીધીઓ રજુઆત માટે સરહદ ડેરીએ પહોંચ્યા હતા. અને અમુલના વાઈસ ચેરમેનને રજુઆત કરી હતી. કચ્છમાં હાલ પશુપાલકોને ૬ રૂપીયા ૮૦ પૈસા ફેટના ભાવ મળે છે. જેની સામે હવે બોનસ સહિત ૭.૩૫ પૈસા પ્રતિ ફેટ ભાવ મળશે. આમ પ્રતિ લિટર પશુપાલકોને ૭ ફેટના ૫૧.૫૦ રૂપિયા હવેથી મળશે. આ ભાવો વધવાથી પશુપાલકોને પ્રતિ લિટરે દોઢ રૂપિયાનો વધારો થયો છે. અને તેનાથી સરહદ ડેરીને દૈનિક ૬ લાખ રૂપિયાનું ભારણ વધશે.

આજે કચ્છના પશુપાલક પ્રતિનીધીઓ ૭૨૫ મંડળીઓ વતી દુધના ભાવ વધારા માટે સરહદ ડેરી ખાતે ચેરમેન તથા અન્ય જવાબદારોને મળી રજુઆત કરી હતી. ત્યારે બાદ સરહદ ડેરીએ આજે ભાવ વધારો જાહેર કર્યો છે. સરહદ ડેરીના ચેરેમેન અને અમુલ ડેરીના વાઈસ ચેરમેન વલમજી હુંબેલે જણાવ્યું છે કે હાલમાં વધારવામાં આવેલ ભાવો, ઘાસચારાના ભાવમાં વધારો, કચ્છ જિલ્લાના અમુક વિસ્તારમાં ઘાસ તેમજ પાણીની તંગી વગેરે બાબતો ધ્યાને લઈ અને પશુપાલકોની લાગણીને માન આપી અને ભાવ વધારો કરવામાં આવ્યો છે. સરહદ ડેરીની સ્થાપનાથી પશુપાલકોને નિયમિત દૂધના ભાવોમાં વધારો, નિયમિત દૂધનું ચૂકવણું તેમજ દૂધ કલેક્શનમાં નિયમિતતા રાખવામાં આવી છે. જેથી કચ્છનું દુધ માળખુ મજબુત બન્યું છે.

કચ્છમાં ૫૫,૦૦૦ પશુપાલકો સરહદ ડેરી સાથે સંકડાયેલા છે. જોકે ઉનાળામાં ઉભી થનાર મુશ્કેલી અંગે પશુપાલકોએ અગાઉથી જ રજુઆત કરી હતી. અને જેનો થોડી કલાકોમાં જ પડઘો પડ્યો હતો અને સરહદ ડેરીએ દોઢ રૂપીયા ભાવ વધારો પશુપાલકોના હિતમાં આપ્યો છે.

## અમદાવાદ એરપોર્ટ પરથી બે કેન્યાના નાગરિકો પાસેથી ૬૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

અમદાવાદ,
ગુજરાતમાં અવિરત રીતે ડ્રગ્સ પકડાઈ રહ્યું છે,જેના લીધે સમગ્ર દેશમાં ગુજરાતની છબી બગડી રહી છે,હવે ડ્રગ્સના વેપારીઓ ગુજરાતને હોટસ્પોટ માનીને અહીથી દેશમાં કારોબાર કરી રહ્યા છે. ફરી એકવાર અમદાવાદના એરપોર્ટ પરથી કરોડોનો ડ્રગ્સ ઝડપાયું છે. અમદાવાદ એરપોર્ટ પરથી ૬૦ કરોડના ડ્રગ્સનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. કેન્યાના બે નાગરિકો પાસેથી ૮.૫ કિલો ડ્રગ્સ સાથે ધરપકડ કરવામાં આવી છે. મેડિકલ વિઝા પર બન્ને આરોપીઓ અમદાવાદ આવ્યા હતા. બેગમાં સ્પેશિયલ ખાનુ બનાવીને ડ્રગ્સની હેરાફેરી કરતા હતા, ત્યારે બન્ને જણાં ઝડપાયા હતા. પકડાયેલ ડ્રગની અંદાજીત બજાર કિંમત ૬૦ કરોડ જેટલી થવા પામી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે ડીઆરઆઈ (ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ)ના અધિકારીઓ દ્વારા ચોક્કસ ઈન્ટેલિજન્સ મળ્યા હતા કે, કેન્યાથી બે મુસાફરો અમદાવાદ એરપોર્ટ પર આવી રહ્યા છે અને તેમની સાથે માદક દ્રવ્યો છે. ઉપરોક્ત બાતમીના આધારે, ડ્રઈના અધિકારીઓએ એસવીઆઈપી અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કેન્યાના બે મુસાફરો એક પુરૂષ અને એક મહિલા ને અટકાવ્યા હતા.

તેમના સામાનની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, ખાલી થેલીઓમાં વધારાનું વજન હતું અને તે બેગની અંદર ખોટા પોલાણ દર્શાવ્યા હતા. સંપૂર્ણ શોધખોળ કર્યા પછી બેગની બંને બાજુએ સ્પેશિયલ ખાનું મળી આવ્યું હતું. જેમાં કોઈ પ્રકારના દાણા,પાઉડર સાથેના આઠ પ્લાસ્ટિક પેકિંગ છુપાવવામાં આવ્યા હતા. આ પ્લાસ્ટિક પેકિંગ સ્વતંત્ર સાક્ષીઓની હાજરીમાં તેમજ બંને મુસાફરોની હાજરીમાં ખોલવામાં આવ્યું હતુ અને પ્લાસ્ટિક પેકિંગમાંથી સામગ્રી ખાલી કરવામાં આવી હતી. આ ડ્રગ્સની બજાર કિમત ૬૦ કરોડથી વધુ છે. હાલ પકડાયેલા આરોપીઓની સઘન પુછપરછ ચાલી રહી છે.

## ૧૦૦થી વધુ ગુજરાતી વિદ્યાર્થીઓ વતન પરત ફર્યા, બસમાંથી ઉતરતા માતા-પિતાને ભેટીને રડી પડ્યા

અમદાવાદ,
રશિયા અને યૂક્રેનના યુદ્ધના કારણે અનેક ભારતીયો યૂક્રેનમાં ફસાઈ ગયા છે. જેના માટે ભારત સરકારે તેમના રેસ્ક્યૂ માટે ઓપરેશન ગંગા શરૂ કર્યું છે. પહેલાં પણ અનેક વખત બીજા દેશોમાંથી ભારતીયોની વતન વાપસી કરાવવામાં આવી ચૂકી છે. પણ તેમાં ઓપરેશન ગંગા ખાસ છે, કારણ કે યુદ્ધ વચ્ચે વિદ્યાર્થીઓ ફસાયા છે. યુક્રેન અને રશિયા વચ્ચેની સ્થિતિ વણસી રહી છે, ત્યારે ઓપરેશન ગંગા હેઠળ અનેક વિદ્યાર્થીઓની વતન વાપસી થી રહી છે. ગઈકાલ રાતથી અનેક વિદ્યાર્થીઓ ગુજરાત પરત ફર્યા છે.

યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધની સ્થિતિ યથાવત છે. યુદ્ધની સ્થિતિ વચ્ચે ભારતીયોને પરત લાવવા મિશન ગંગા ચાલી રહ્યુ છે. ત્યારે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે વિદ્યાર્થીઓની વતન વાપસી થઈ છે. દિલ્હીથી વધુ ગુજરાતી વિદ્યાર્થીઓ ગુજરાત પરત ફર્યા છે. ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે વિદ્યાર્થીઓ પહોંચ્યા છે. યુદ્ધની સ્થિતિ વચ્ચે વિદ્યાર્થીઓને સલામત રીતે સરકાર દ્વારા પરત લાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. ગઈકાલ રાતથી આજે ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ગાંધીનગર આવશે. વિદ્યાર્થીઓ પરત ફરતા માતા-પિતાએ રાહતનો શ્વાસ લીધો છે.

યુક્રેનથી પરત ફરેલા ગુજરાતી વિદ્યાર્થીઓનું ગાંધીનગર સર્કિટ હાઉસમાં સ્વાગત કરાયુ. ગાંધીનગરના મેયર,પુરષોત્તમ રૂપાલા અને અન્ય નેતાઓએ વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે સંતાનોને જોઈને માતાપિતાની આંખો ભીની કરી હતી. સાથે જ વિદ્યાર્થીઓએ કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો. ઓપરેશન ગંગાથી યુક્રેન બોર્ડર પરથી વિદ્યાર્થીઓને ધીરે ધીરે દેશમાં લાવવામાં આવી રહ્યાં છે.

યુક્રેનથી પરત આવેલા વિદ્યાર્થી પારસે ઝી ૨૪ કલાકને જણાવ્યું કે, અંદરથી યુક્રેન બોર્ડર સુધી પહોંચવાની સફર બહુ જ આકરી હતી. ત્રણ-ચાર બોર્ડર હતી. કેટલીક બોર્ડર પર સારી વ્યવસ્થા હતી. પણ અમે જે બોર્ડર પર પહોંચ્યા ત્યાં કોઈ જ વ્યવસ્થા ન હતી. અમે ગ્રૂપમાં જ રહેતા હતા. મારી સાથે ૨૨ લોકો હતા, જેઓ એકસાથે ભારત પહોંચ્યા છીએ. યુદ્ધનો માહોલ શરૂ થયો ત્યારે પહેલા તો ડર લાગ્યો, પણ બે-ત્રણ દિવસ બાદ ડર થોડો દૂર થવા લાગ્યો. બધા સાથે હતા એટલે હિંમત બની રહી.

## ૭ માર્ચથી ભાવનગર-મુંબઈની વિમાન સેવા બંધ કરી દેવાશે

ભાવનગર,
ભાવનગરને વિમાની ક્ષેત્રે ફરી એક વખત અન્યાય સહેવાનો વારો આવ્યો છે. અગામી ૭મી માર્ચથી ભાવનગર મુંબઈની વિમાની સેવા બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.કનેક્ટિવિટીની વાત આવે ત્યારે હંમેશા ભાવનગર સાથે અન્યાય થતો આવ્યો છે. ત્યારે ભાવનગર શહેરને વિમાની ક્ષેત્રે ફરી એક વખત અન્યાય થવા પામ્યો છે. હજુ તો થોડા સમય પહેલા શરૂ થયેલી દિલ્હીની વિમાની સેવાઓતો બંધ કરી દેવામાં આવી છે. ત્યાં વધુ એક ખરાબ સમાચાર ભાવનગર વાસીઓ માટે સામે આવ્યાં છે. ઈન્ડિયન એરલાઈન્સે અગામી ૭મી માર્ચથી ભાવનગર મુંબઈની વિમાની સેવા બંધ કરવાનો નિર્ણય લીધો છે.મહત્વનું છે કે, ભાવનગરને કંઈ અન્યાય નહીં થાય તેવા ફુંકાયેલા બણગા ખોટા સાબિત થઈ રહ્યાં છે. ભાવનગર પાસે પોતાનું એરપોર્ટ તો છે પણ ફ્લાઈટ તો એક-બે આંગળીના વેઢે ગણી શકાય તેટલી પણ નથી. નબળી નેતાગીરીના પાપે હવાઈ સુવિધામાં કાયમી અન્યાયનો ભાવનગરની સહનશીલ જનતા સામનો કરી રહી છે.

## દાહોદ જીલ્લામાં બે સ્થળોએ રેઈડ કરી ૧.૧૯ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ પોલીસે ૧,૧૯,૭૧૦ રૂપિયાના વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમો તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલા એક બાળ કિશોર સહીત કુલ ત્રણ ઈસમોને ઝડપી જેલ ભેગા કર્યા છે. જ્યારે પોલીસે એક ફોર વ્હીલર ગાડી તેમજ મોબાઈલ મળી કુલ ૪,૭૫,૭૧૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હોવાનું પ્રાથમિક તબક્કે માહિતી પ્રાપ્ત થઈ છે.

પ્રોહીનો પહેલો બનાવ દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ટોલનાકા પર બનવા પામ્યો છે. જેમાં દાહોદ તાલુકાના ઉસરવાણ ટિંડોરી ફળીયાનો નિકુલભાઈ કદ્દુભાઈ બારીયા તેમજ એક બાળ કિશોર પોતાના કબજા હેઠળની GJ-20-AH-6641 નંબરની હુન્ડાઈ I20 માં વિદેશી દારૂનો જથ્થો ભરી ગોધરા તરફ જઈ રહ્યો હતો. તે સમયે રસ્તામાં ભથવાડા ટોલનાકા પર વાહન ચેકિંગ દરમિયાન પીપલોદ પોલીસે ગાડી રોકાવી તેની તલાસી લેતાં તેમાંથી પ્લાસ્ટિકની દારૂની પેટીઓ તેમજ ૧૪૨ જેટલા છૂટા ક્વાટરીયા મળી ૯૩,૩૪૦ નો વિદેશી દારૂનો જથ્થો તેમજ ૩.૫૦ લાખની હુન્ડાઈ I20 કાર તેમજ ૬ હજાર રૂપિયાના બે મોબાઈલ મળી ૪,૪૯,૩૪૦ ના મુદ્દામાલ સાથે એક બાળ કિશોર મળી કુલ બે ઈસમોને ઝડપી જેલભેગા કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ સિંગવડ તાલુકામાં બનવા પામ્યો છે. જેમાં દાહોદ એલસીબી પોલીસે વિશ્વાસ ફળિયાના રમેશભાઈ મોહનભાઈ વોહનિયાના રહેણાંક મકાનમાં બાતમીના આધારે દરોડો પાડી તલાસી લેતા તેમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૭૬ બોટલો મળી ૨૬,૩૪૦ ના વિદેશી દારૂના મુદ્દામાલ સાથે રમેશ મોહનિયાને ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ જિલ્લામાં તા. ૨૩ અને ૨૪ માર્ચએ અનુક્રમે તાલુકા અને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

દાહોદ,
દાહોદ જિલ્લામાં આગામી તા. ૨૩ માર્ચ તાલુકા સ્વાગત કાર્યક્રમ અને તા. ૨૪ માર્ચે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે. આ માટે અરજદારે અરજી આગામી તા. ૧૦ માર્ચ સુધીમાં કરવાની રહેશે. તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત કે અંગત પ્રશ્ન ટાઈપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામા સાથેની અરજી એક જ પ્રશ્ન સંબધિત અમલીકરણ અધિકારીને ઓછામાં ઓછી ત્રણ વાર કરેલી અરજીની નકલ સાથે સંબધિત મામલતદારની કચેરીને તાલુકા સ્વાગત કાર્યક્રમ એમ અરજીનાં મથાળે લખી અરજી તા. ૧૦ માર્ચ સુધીમાં મોકલી આપવાની રહેશે. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત અંગત પ્રશ્ન ટાઈપ કરેલી અરજી ફોન નંબર અને સંપૂર્ણ સરનામા સાથે એક અરજીમાં એક જ પ્રશ્ન સાથે સંબધિત અમલીકરણ અધિકારીને ત્રણ નકલ સાથે જિલ્લા સ્વાગત કાર્યક્રમ મથાળા સાથે અરજી તા. ૧૦ માર્ચ સુધીમાં મોકલી આપવાની રહેશે.તાલુકા કાર્યક્રમમાં જિલ્લાના વર્ગ ૧ નાં અધિકારીઓ હાજર રહી નાગરિકોના પ્રશ્નોનું રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

જેમાં કલેક્ટર દાહોદમાં, જિલ્લા વિકાસ અધિકારી ઝાલોદમાં, પોલીસ અધિક્ષક ગરબાડામાં, લીમખેડાના મદદનીશ કલેક્ટર અને પ્રાંત અધિકારી સીંગવડમાં, પ્રાયોજનાં વહીવટદાર દેવગઢબારીયામાં, ડીઆરડીએ નિયામક ફતેપુરામાં, જિલ્લા આયોજન અધિકારી લીમખેડામાં, પ્રાંત અધિકારી દેવગઢ બારીયા ધાનપુરમાં, ઝાલોદનાં નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી સંજેલીમાં ઉપસ્થિત રહેશે. આ માટે ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નોની રજૂઆત મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી તેવા મથાળા હેઠળ સંબધિત ગામનાં તલાટી–મંત્રીને સંબોધીને આગામી તા.૧૦ માર્ચ સુધીમાં આપવાની રહેશે. નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોરે એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે, સ્નેહીજનોના સંપર્કથી સારી હૂંફ મળશે, વ્યવસાયના કામમાં વૃદ્ધિ થશે, પરિવારના સુખમાં વધારો થશે.

વૃષભ (બ.વ.ઉ.) : સહકારી સરકારી કામમાં સફળતા મળશે, નવા કરેલા કાર્યો ફળદાયી બનશે, નોકરી બાબતે સારા સમાચાર મળશે, ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : કામમાં નિરાશાનો અનુભવ થશે, સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે, ઈષ્ટમિત્રોનો સહયોગ મળશે, ધર્મપ્રત્યેની શ્રદ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.) : જિદ્દી સ્વભાવના કારણે માનસિક ચિંતા જણાશે, આર્થિક બાબતોમાં સારો સુધારો જણાશે, સેવાકીય પ્રવૃત્તિથી મન પ્રસન્ન જણાશે, વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : દામ્પત્ય જીવનમાં અણબનાવોથી તકલીફ જણાશે, સંતાનોને માટે નવું કરવાની ઉત્તમ તક મળશે, શુભ કાર્યોમાં સફળતા મળશે, નોકરીમાં બઢતીની તકો મળશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધંધાકીય કામકાજમાં સફળતા મળશે, પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો, આત્મવિશ્વાસમાં વધારો થશે, ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.) : ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે ધંધામાં નવા સંબંધોમાં નિરાશા જણાશે, નોકરીમાં નવી તકો મળશે, સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : પરિશ્રમ પછી પણ કામ અધૂરું જણાશે, જૂના સંબંધો ખાસ સાચવી લેવા જરૂરી છે, નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે, વ્યવસાયમાં સાધારણ ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : ભાગ્યબળથી અધૂરાં કામ પૂરા થશે રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે જવાબદારીવાળા કાર્યોમાં ગતિ આવશે મન પ્રસન્ન અને દિવસ આનંદમાં પસાર થશે

મકર (ખ.જ.) : વાદ-વિવાદવાળા કામથી બચવું, આર્થિક સ્થિતિમાં મધ્યમ સુધારો જણાય છે ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : ભાઈભાંડુના સહકારથી કામમાં સફળતા મળશે નવા કામની ઓફર અને પૈસા કમાવવાની તક મળશે સંતાનો સાથે સમય વિતાવી શકશો પાડોશી સાથેના સંબંધોમાં શાંતિ રાખવી.

મીન (દ.ચ.ઝ.થ.) : માનસિક તનાવ રહેવાની સંભાવના છે કામમાં સાધારણ સફળતા મળશે પ્રતિસ્પર્ધીઓથી સાવધાન રહેવું નિરાશાથી દૂર રહી ખર્ચ બાબતે સંભાળવું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કાળીયા તથા ભીતોડી માંથી પોલીસે

# ૨.૭૪ લાખના અફીણના છોડવાઓની ખેતી ઝડપી : ચાર આરોપીઓની ધરપકડ

**ચાર આરોપીઓના ખેતરમાંથી લીલા અફીણના કુલછોડ નંગ-૩૧૫૦ તથા પોષડોડાનું વજન ૭ કિલો ૫૩૦ ગ્રામ જેની કુલ કિંમત-૨,૭૪૯૮૦/- નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો**

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના કાળીયા તથા ભીતોડી ગામે પોતાની માલિકીના ખેતરોમાં લીલા અફીણના છોડ હોવા બાબતે પોલીસને બાતમી મળતા દાહોદ જિલ્લા એસ.ઓ.જી, એલ.સી.બી. દાહોદ તથા ઝાલોદ ડી.વાય.એસ.પી સહિત સુખસર પોલીસ દ્વારા સંયુક્ત રેડ પાડી બાતમી વાળી જગ્યાએ તપાસ હાથ ધરાતા માલિકીના ખેતરોમાં અફીણના લીલા છોડ તથા લીલા સુકા અફીણના પોષ ડોડાઓ મળી આવતા કાળીયા ગામ ના ત્રણ તથા એક ભીતોડી ગામના ખેતર માલિક આરોપીઓની વિરૂદ્ધમાં કાયદેસરનો ગુનો દાખલ કરી આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હોવાનું જાણવા મળે છે.



પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના કાળીયા ગામના તળાવ ફળિયા ખાતે રહેતા રમસુભાઈ રૂપાભાઈ મછાર,દિનેશભાઈ નાથાભાઈ મછાર,રાજુભાઈ સુરતાનભાઈ મછાર તથા ભીતોડી ગામના ડામોર ફળિયામાં રહેતા સરદારભાઈ બીજીયાભાઈ નીનામા નાઓએ પોતાની માલિકી ભોગવટાના ખેતરોમાં લીલા અફીણના છોડ વાવેતર કરેલ હોવાની પોલીસને ચોક્કસ બાતમી મળતા મદદનીશ પોલીસ અધિક્ષક ઝાલોદના વિજયસિંહ ગુજ્જર નાઓના નિર્દેશન અને હાજરી હેઠળ બાતમી વાળી જગ્યાએ દાહોદ જિલ્લા એલ.સી.બી, એસ.ઓ.જી તથા સુખસર પોલીસની ટીમ કાળીયા તથા ભીતોડી ગામે ઉતારી દીધી હતી. જેમાં કાળીયા તથા ભીતોડી ગામે પોતાની માલિકી ભોગવટાના ખેતરોમાંથી લીલા અફીણના છોડ નંગ-૩૧૫૦ જેનું કુલ વજન ૮૪ કિલો ૧૩૦ ગ્રામ જેની કિંમત રૂપિયા- ૨,૫૨,૩૯૦/- તથા લીલા-સુકા અફીણના પોષડોડાનું વજન ૭ કિલો ૫૩૦ ગામ જેની કિંમત રૂપિયા- ૨,૨૫૯૦/- કુલ વજન ૯૧ કિલો ૬૬૦ ગ્રામ જેની કુલ મળી કિંમત રૂપિયા- ૨,૭૪,૯૮૦/નો મુદ્દામાલ કબજે લઈ ચાર આરોપીઓની પોલીસે ધરપકડ કરેલ હોવાનું જાણવા મળે છે.

ઉપરોક્ત બાબતે આરોપીઓએ પોતાના કબજાના ખેતરોમાં વગર પાસ પરમીટેનો વનસ્પતિજન્ય માદક પદાર્થ લીલા સુકા અફીણના છોડનું વાવેતર કરીન ઉછેર કરી રાખી લીલા સૂકા પોષડોડા રાખી પોલીસની રેડ દરમિયાન પકડાઈ ગુન્હો કરવા બાબતે રમસુભાઈ રૂપાભાઈ મછાર, દિનેશભાઈ નાથાભાઈ મછાર, રાજુભાઈ સુરતાનભાઈ મછાર રહે. કાળીયા,તળાવ ફળિયા તથા સરદાર ભાઈ બીજીયાભાઈ નીનામા રહે. ભીતોડી ડામોર ફળિયાનાઓ ની વિરૂદ્ધમાં એન.ડી.પી.એસ. એક્ટ-૧૯૮૫ની કલમ ૧૫ (બી) ૧૮ (એ) મુજબ કાયદેસરનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

## ગરબાડા તાલુકામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં બે જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે જણાના મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ગરબાડા તાલુકાના વડવા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા. ૦૩ માર્ચના રોજ વડવા ગામે રહેતાં ભરતભાઈ પ્રેમલાભાઈ બારીયા પોતાની મોટરસાઈકલ પર મધુબેન ચંદુભાઈ પરમારને બેસાડી વડવા ગામેથી પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. મોટરસાઈકલની વધુ પડતી ઝડપના કારણે પાછળ બેઠેલ મધુબેન મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે દાહોદ તાલુકાના વરમખેડા ગામે માળી ફળિયામાં રહેતાં કનુભાઈ ચંદુભાઈ પરમારે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ગરબાડા તાલુકાના બાવકા ગામે બનવા પામ્યો હતો. જેમાં બાવકા ગામે રહેતાં કનુભાઈ લાલચંદભાઈ પરમાર ગત તા. ૦૨ માર્ચના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ બાવકા ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યાં હતાં. મોટરસાઈકલની વધુ પડતી ઝડપને કારણે મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં કનુભાઈ મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયા હતા. જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. સારવાર દરમ્યાન કનુભાઈનું મોત નીપજતાં આ સંબંધે ગરબાડા તાલુકાના બાવકા ગામે વડઘાટી લીમડીની બારી ફરિયામાં રહેતાં રમેશભાઈ લાલચંદભાઈ પરમારે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદના કારઠ ગામેથી બે કુઝર ફોર વ્હીલની ચોરી થતાં ખળભળાટ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કારઠ ગામેથી ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ એકસાથે બે કુઝર ફોર વ્હીલર ગાડી કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગત તા. ૧૫મી ફેબ્રુઆરીના રોજ ઝાલોદ તાલુકાના કારઠ ગામે ખેડા ફળિયામાં રહેતાં મિનેશભાઈ કમજીભાઈ રાવળની તથા અનીલભાઈ જેસીંગભાઈ ડામોરની ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ બંન્ને કુઝર ફોર વ્હીલર ગાડી રાત્રીના કોઈપણ સમયે અજાણ્યા ચોર ઈસમો પોતાનો કસબ અજમાવી બંન્ને કુઝર ફોર વ્હીલર ગાડીઓના લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

આ સંબંધે મિનેશભાઈ કમજીભાઈ રાવળે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદનો અભ્યાસ અર્થે યુક્રેન ગયેલો વિદ્યાર્થી અક્ષય જયસ્વાલ સલામત રીતે વતન પરત

દાહોદ,

યુક્રેનની ભીષણ યુદ્ધની આકરી પરિસ્થિતિમાંથી પણ દાહોદનો અભ્યાસઅર્થે યુક્રેન ગયેલો યુવાન અક્ષય જયસ્વાલ આજે સીંગવડ ખાતેના પોતાના ઘરે સલામત પહોંચી ગયો છે. અક્ષયના હેમખેમ વતનપરત આવી જતા પરીવારજનોએ હર્ષાશ્રુ સાથે તેને વધાવી લીધો હતો. અક્ષય અને તેના પરીવારજનોએ આ ક્ષણે ભારત સરકારને યુદ્ધની કટોકટોભરી સ્થિતિમાંથી ઉગારવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતા તેમજ ગુજરાત સરકાર અને દાહોદના વહીવટી તંત્ર દ્વારા પણ સતત સહયોગ અને ટેકો આપવા બદલ આભાર માન્યો હતો.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

અક્ષયે જણાવ્યું કે, ખરા સમયે ભારત સરકાર અમારા માટે સંકટમોચક બનીને અમને ઉગાર્યા હતા. હું યુક્રેનની ઓડેસા નેશનલ મેડીકલ યુનીવર્સીટીમાં મેડીકલનો અભ્યાસ કરૂ છું. યુક્રેનની યુદ્ધગ્રસ્ત સ્થિતિમાંથી અમે હંગેરી સુધી આવ્યા હતા અને ત્યાંથી બુડાપેસ્ટ સુધી અમને ઈન્ડિયન એમ્બેસી દ્વારા લાવવામાં આવ્યા હતા. જયાંથી અમે દિલ્હી માટે રવાના થઈને સુખરૂપ વતન પરત આવ્યા હતા.

હાલમાં ભારત સરકાર દ્વારા યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓ સહિતના ભારતીયોને પરત લાવવા માટે વિશેષ અભિયાન ઓપરેશન ગંગા હાથ ધરવામાં આવ્યું છે અને હજારો લોકોને પરત લાવવામાં સફળતા મળી છે. યુદ્ધની ભીષણ સ્થિતિમાં જયા ચોતરફ બોમ્બધડાકા અને ગોળીબાર ચાલી રહ્યાં છે તેવી સ્થિતિમાંથી પણ ભારતીય નાગરિકો સલામત રીતે પરત આવી રહ્યાં છે. તે આ મિશનની મોટી સફળતા છે.

અક્ષયના પિતા હર્ષદભાઈએ દાહોદના જિલ્લા વહીવટી તંત્રનો વિશેષ આભાર માન્યો હતો. આવી સ્થિતિમાં તંત્રે સતત તેમને માહિતગાર રાખ્યા હતા અને વિદ્યાર્થીઓને પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની માહિતી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા વહીવટી તંત્ર, દાહોદના પ્રાંત અધિકારીઓ તેમજ નાયબ પોલીસ અધિક્ષક સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓના પરીવારજનો સાથે રૂબરૂ મુલાકાત કરીને ભારત સરકાર દ્વારા વિદ્યાર્થીઓને બચાવવા માટે કરાઈ રહેલા પ્રયાસો અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની માહિતી આપી રહ્યાં છે. તેમજ સતત તેમના સંપર્કમાં રહીને અદ્યતન માહિતી પરિવારજનોને આપી રહ્યાં છે. વહીવટી તંત્ર દ્વારા આ માટે એક રાઉન્ડ ધ ક્લોક હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે.

## દાહોદ જિલ્લામાં કોરોના બાબતે માસ્ક સહિતના નિયંત્રણોનું પાલન કરવાનું રહેશે

દાહોદ,

કોરોનાની ત્રીજી લહેર શમી ગઈ છે પરંતુ કોરોના હજુ ગયો નથી. કોરોના બાબતે હજુ પણ માસ્ક, સામાજિક અંતર તેમજ સેનિટાઇઝર જેવા નિયમોનું ચુસ્ત પાલન કરવાની જરૂરિયાત છે. ત્યારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમ સંદર્ભે રાજયમાં મુકાયેલા નિયંત્રણોનો દાહોદ જિલ્લામાં પણ ચુસ્ત અમલ કરાવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોરે સંબધિત અધિકારીઓને આદેશ દ્વારા જણાવ્યું છે.

જે અનુસાર જાહેર સ્થળોએ, મુસાફરી દરમિયાન તેમજ કામના સ્થળોએ માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે. જાહેર સ્થળો અને કામના સ્થળોએ સામાજિક અંતર જાળવવાનું રહેશે.જાહેર સ્થળોએ થુકવા પર નિયમોનુસાર દંડ ફટકારાશે. કામના સ્થળોએ હેન્ડ વોશ અને સેનિટાઈઝર વાપરવાનું રહેશે. તેમજ બંધ સ્થળોએ યોગ્ય વેન્ટીલેશનની પૂરતી સુવિધાની સુનિશ્ચિત કરવાની રહેશે.

## બાગાયત ખાતાની વિવિધ ખેડૂત કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતો આઇ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે

દાહોદ,

બાગાયત ખાતાની વિવિધ ખેડૂત કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતો વર્ષ ૨૦૨૨-૨૩ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે. આઇ-ખેડૂત પોર્ટલ આગામી તા. ૩૦ એપ્રીલ,૨૦૨૨ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું છે. ખેડૂતો ઓનલાઇન http://ikhedut.gujarat.gov.in પર અરજી કરી અરજીની પ્રિન્ટ તથા સાધનિક દસ્તાવેજો સહિત નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નં. ૨૩૩, બીજો માળ, જિલ્લા સેવા સદન, છાપરી, દાહોદ ખાતે પહોંચાડવાના રહેશે એમ નાયબ બાગાયત નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.

## દાહોદની પરણિતાને પતિ અને સાસરીયા દ્વારા દહેજ માટે મારઝુંડ કરી ત્રાસ અપાતા મહિલા પોલીસ મથકે ફરિયાદ

દાહોદ,

અમદાવાદ પિયરમાં રહેતી અને દાહોદ ખાતે લગ્ન કરેલ એક પરણિતાને તેના પતિ તથા સાસુ, સસરા દ્વારા મારઝુડ કરી, દહેજની માંગણી કરી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં પરણિતાએ આ સંબંધે દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

અમદાવાદ પોતાના પિયરમાં રહેતી સ્વાતીબેન જશવિન્દરભાઈ ચૌહાણના લગ્ન આજથી સાત વર્ષ અગાઉ સમાજના રિત રિવાજ મુજબ દાહોદ શહેરના ખડ્ડા કોલોની ખાતે રહેતાં જશવિન્દરભાઈ જગદીશભાઈ ચૌહાણ સાથે થયાં હતાં. પરણિતા સ્વાતીબેનને પતિ દ્વારા બે વર્ષ સુધી સારૂં રાખ્યા બાદ પોત પ્રકાશ્યું હતું અને બેફામ ગાળો બોલી મારઝુડ કરી મારે તને રાખવી નથી તેમ કહી, સાસસા જગદીશભાઈ સજ્જનસિંહ ચૌહાણ અને સાસુ ભારતીબેન જગદીશભાઈ ચૌહાણ દ્વારા દહેજની માંગણી કરી અવાર નવાર દહેજની માંગણી કરી મ્હેણા ટોણા પરણિતાના પતિ જશવિન્દરભાઈને ચઢામણી કરતાં હતાં અને ત્રણેય જણા પરણિતાને બેફામ ગાળો બોલી, તું અમારા ઘરેથી નીકળી જા, તેમ કહી પરણિતા સ્વાતીબેનને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતા આ સંબંધે આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતાએ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## MJF લાયન કમલેશ લીમ્બાચીયાની રિજીયન કોન્ફરન્સ "મહેક"



દાહોદ,

ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ લાયન્સ ક્લબ ઓફ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨ એફ વન રિજીયન આઠની રિજીયન કોન્ફરન્સ "મહેક"ના ઉદઘાટક ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન કૃષ્ણ કાંત દેસાઈ, મુખ્ય મહેમાન મલ્ટીપલ કાઉન્સિલના ચેરમેન લાયન જે.પી. ત્રીવેદી અતિથિ વિશેષ વિડીજી ૧ લાયન દિનેશ સુથાર વિડીજી ૨ લા વિજયસિંહ ઉમટ પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન રમેશ પ્રજાપતિ ની ઉપસ્થિતિમાં તારીખ ૨/૩/૨૦૨૨ ને સાંજે ૬:૩૦ કલાકે બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ દાહોદ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કોન્ફરન્સમાં મુખ્ય વક્તા ડો. કુતાથ જોષી દ્વારા લીડરશીપ અને સેવા વિષય પર ખુબ સુંદર અને મનનીય પ્રવચન આપ્યું હતું. જેમાં રીજીયનમાં આવતી વિવિધ ૧૦ ક્લબનું બેનર પ્રેઝન્ટેશન ઢોલ નગારા અને પુષ્પ વર્ષા સાથે કરવામાં આવ્યું સાથે સાથે માનવંતા મહેમાનોનું સ્વાગત પુષ્પવર્ષા સાથે કરી કાર્યક્રમને મહેક આપી હતી. આ કોન્ફરન્સમાં વડોદરા આણંદ નડિયાદ, પંચમહાલ માથી મોટી સંખ્યામાં લાયન મિત્રો ઉપસ્થિત રહ્યા હતા આ ઉપરાંત પ્રમુખ, મંત્રી, ખજાનચી ઉપપ્રમુખ, લાયન મિત્રોને મોમેન્ટો આપી બિરદાવવામાં આવ્યા હતા સાથે સાથે ડિસ્ટ્રિક્ટ માંથી પધારેલા રિજીયન ચેરમેન, ઓફિસ બેરર, જોન ચેરમેન, ડિસ્ટ્રિક્ટ ચેરમેન, વગેરે લાયન્સ મિત્રોને પણ મોમેન્ટો આપી બિરદાવ્યા હતા. જેમાં રિજીયન ચેરમેન લા કમલેશ લિમ્બાચીયાનું ડિસ્ટ્રિક્ટ ગવર્નર દ્વારા ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ તેમજ ઈન્ટરનેશનલ પીન થી સન્માનિત કરવામાં આવ્યા હતા. મલ્ટીપલ ચેરમેન લાયન જે.પી. ત્રીવેદી દ્વારા પણ મલ્ટીપલ મેડલ આપી સન્માનિત કર્યા હતા. આ કોન્ફરન્સમાં કેબિનેટ સેક્રેટરી લા યુસુફી કાપડિયા લા. મહેન્દ્રભાઈ જૈન, લા. જવાહરભાઈ અગ્રવાલ લા. સેફીભાઈ પિટોલવાલા, લા. સત્યેન્દ્ર સોલંકી વગેરે કમિટીના મેમ્બરના યોગ્ય માર્ગદર્શન દ્વારા પણ ખુબજ ઉત્સાહથી સફળતાપૂર્વક મહેક રિજિયન કોન્ફરન્સ સુંદર સુવાસ સાથે સંપન્ન કરવામાં આવી હતી.

## દાહોદ નવજીવન કોલેજ યજમાન હેઠળ ભાઈઓ અને બહેનો માટે મલખમ સ્પર્ધાનું આયોજન કરાયું




દાહોદ,

તા.૦૩-૦૩-૨૦૨૨ ને ગુરૂવાર ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના યજમાની હેઠળ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા ની મલખમ ભાઈઓ અને બહેનોની આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધા દરમ્યાન નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા આપણી પ્રાચીન રમત એવી મલખમના પ્રચાર-પ્રસાર અને વધુમાં વધુ ખેલાડીઓ મલખમની રમતમાં રસ લેતા થાય અને રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે દાહોદ, સંસ્થા અને કોલેજનું નામ થાય માટે ગુજરાત સ્ટેટ મલખમ એસોસિએસન જોડે એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતો. આ સ્પર્ધામાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાની ૮ કોલેજના ૩૦ ખેલાડી ભાઈઓ અને બહેનોએ ભાગ લીધેલ હતો. જેમાં આ સ્પર્ધામાં વ્યકિતગત ભાઈઓમાં પ્રથમ- અજય મેડા (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ) દ્વિતીય-ડામોર કૌશિક (નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ) અને તૃતીય- મુનિયા બિપિન (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ) આવેલ હતા જ્યારે બહેનોની વ્યક્તિગત સ્પર્ધામાં પ્રથમ- નિનામા આશા (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ) દ્વિતીય- નિકિતા ડામોર (ગુર્જર ભારતી બી.એડ. કોલેજ, નગરાડા) અને તૃતીય-જાદવ દ્રષ્ટિ (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ) આવેલ હતા. આ સ્પર્ધામાંથી ૭ ખેલાડી ભાઈઓ અને ૭ ખેલાડી બહેનોની પસંદગી થયેલ છે. આ ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા નું પ્રતિનિધિત્વ કરશે. આ સમગ્ર સ્પર્ધાનું સફળ આયોજન નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના કાર્યકારી આચાર્ય ડૉ. જી. જે. ખરાદી ના માર્ગદર્શન હેઠળ અને શારીરિક શિક્ષણ ના નિયામક ડૉ. વી.જે.ચૌહાણ ના નેતૃત્વ હેઠળ ખેલાડીઓને મલખમની રમતમાં પ્રશિક્ષણ આપીને આ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન બતાવેલ હતો. નવજીવન સાયન્સ કોલેજ પરિવાર આ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

### દેવગઢબારીઆના મે.સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.દેવગઢબારીઆ

નં.જન્મ મરણ/અં.નં. /૨૦૨૨

અરજદાર : મુશતાક ઈબ્રાહીમ શૈખ,
રહે :- રહે.દેવ.બારીઆ

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા દેવ.બારીઆ

: જાહેર નોટીસ :

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત સબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, સદર હુ બાબતના અરજદારશ્રી, મુશતાક ઈબ્રાહીમ શૈખ એ તેઓના પોતાનો જન્મ તા.૦૮/૦૪/૧૯૬૧ ના રોજ મું.દેવ.બારીઆ, તા.દેવ.બારીઆ, જી.દાહોદ ખાતે થયેલ તેવુ અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેઓના પોતાના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદર હુ અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૩૦ (ત્રીસ) માં અત્રેની કોર્ટમાં રજુ કરવા. જો નિયત મુદત દરમ્યાન કોઈ વાંધો તકરાર રજુ નહી કરવામાં આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુસાર આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૮ મી ફેબ્રુઆરી, સને ૨૦૨૨ક ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
દેવગઢ બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.163

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા શહેરના મકનકુવા વિસ્તારમાં

# GDCR વિરૂદ્ધ થતાં બાંધકામને અટકાવવા રહિશોની ઉગ્ર રજુઆત



ગોધરા,

ગોધરા શહેરના મકનકુવા વિસ્તારમાં અને અશાંતધારા સમાવિષ્ટ વિસ્તાર તેમજ ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૨ માં આવેલ સીટી સર્વે નં.૨૫૬/૧ ની જગ્યા ઉપર દબાણ કરી જાહેર જનતાને અવરજવર કરવા તેમજ ટ્રાફિકને અગવડરૂપ બને તે સાથે જ સદર જગ્યા ઉપર આજુબાજુના રસ્તાને અનુલક્ષીને જીડીસીઆર વિરૂદ્ધનું થઈ રહેલ બાંધકામને અટકાવવા માટે રજુઆત રહિશો દ્વારા ગોધરા નગર પાલિકાના ચીફ ઓફિસરને કરી હતી. આ રજુઆતને લઈ નગર પાલિકા એ ૭ દિવસમાં બાંધકામ માટેના આધાર પુરાવા અને કન્ટ્રકશનનો નકશા જેવા પુરાવા રજુ કરવા બાંધકામ કરવા માલિકને નોટીસ કરી છે.

ગોધરા શહેરના અંશાતધારો લાગુ થયેલ એવા મકાનકુવા વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ નવિન બાંધકામ જીડીસીઆર વિરૂદ્ધ થઈ રહ્યું હોવાનું લેખિત રજુઆત સ્થાનિક રહિશોએ ગોધરા નગર પાલિકાના ચીફ ઓફિસરને કરી હતી. રજુઆતમાં જણાવેલ કે, ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૨ના મકનકુવા વિસ્તાર અશાંતધારામાં સમાવિષ્ટ કરાયેલ છે અને આજ વિસ્તારમાં આવેલ સીટી સર્વે નં.૨૫૬/૧ની જગ્યા ઉપર વાણિજય હેતુ બાંધકામ જોરશોરમાં કરવામાં આવ્યું છે. જે બાંધકામ જાહેર જનતાને અવરજવર કરતા માર્ગને અડીને આવેલ હોય અને જાહેર રસ્તા ઉપર દબાણ કરેલ છે. જેના કારણે આ રસ્તા ઉપર થી પસાર થતા શહેરીજનોને અવરજવર કરવા અડચણરૂપ થાય છે. તેમજ આજુબાજુના રસ્તાને અનુલક્ષીને જીડીસીઆર વિરૂદ્ધ આ બાંધકામ થઈ રહ્યું છે. આ બાંધકામના કારણે મકનકુવા વિસ્તારમાં ટ્રાફિકનો પેચીદો પ્રશ્ન ઉભો થયેલ છે. રહિશો દ્વારા અરજ કરવામાં આવી છે કે, આ બાંધકામ નિયમોનુસાર મરજીક અને સેટબેક વગેરે છોડાવીને પાર્કિંગની પુરતી સગવડો રાખીને બાંધ કરવામાં આવે તેવી લેખિત રજુઆત કરવામાં આવી હતી.

મકનકુવાના રહિશોના જણાવ્યા મુજબ બાંધકામ કરનાર માલિકે અવરજવર કરતા રસ્તા ઉપર દબાણ કરી તેમજ બાંધકામના નિયમોને નેવે મૂકી જીડીસીઆર વિરૂદ્ધ વાણિજય હેતુ માટે બાંધકામ શરૂ કરેલ છે.જેના અનુસંધાનમાં મકનકુવાના રહિશો દ્વારા નગર પાલિકાના ચીફ ઓફિસરને અનેકવાર મૌખિક રજુઆત કરેલ હતી. તેમ છતાં પાલિકા દ્વારા આ સમગ્ર મામલા ઉપર ધ્યાન આપવામાં ન આવતાં રહિશો દ્વારા લેખિતમાં રજુઆત કરી દબાણ દુર કરવા તેમજ જીડીસીઆર વિરૂદ્ધ થઈ રહેલ બાંધકામને અટકાવવા માટે નગર પાલિકાના અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૮૫ હેઠળ કાર્યવાહી કરવા અંગેની લેખિત રજુઆત કરી હતી. ત્યારે આ લેખિત રજુઆતને ધ્યાને લઈ નગર પાલિકા દ્વારા બાંધકામની જગ્યાની સ્થળ તપાસ કરી બાંધકામ કરતાને જરૂરીયાત આધાર પુરાવા તેમજ બાંધકામ કન્સ્ટ્રકશનના નકશા જેવા પુરાવાને ૭ દિવસમાં રજુ કરવા નોટીસ ફટકારી છે. પરંતુ બાંધકામ બંધ કરવા માટે કે અટકાવવા માટે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરેલ ન હોવાની રજુઆત જણાવી રહ્યા છે. તેમજ શહેરીજનોમાં ચર્ચાઈ રહ્યું છે કે, ગોધરા નગર પાલિકા એટલે ગાંડી બાવાઓનું ખેતર જેમ ગોધરા શહેરમાં અનેક ગેરકાયદેસર બાંધકામો ધમધમી રહ્યા છે. તેની પણ તપાસ કરવામાં આવે તો સત્તાધિશો અને નગર પાલિકાના કેટલાક અધિકારીઓના પગ તળે રેલો આવે તેમાં નવાઈ નહીં.

## સાસંદ મનસુખ વસાવાના અશોભનીય વર્તનના વિરોધમાં શહેરા મામલતદાર અને સ્ટાફ માસ CL ઉપર ઉતરી વિરોધ કર્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

ભરૂચના સાંસદ મનસુખ વસાવાના અશોભનીય વર્તન ને લઈને શહેરા મામલતદાર કચેરી ખાતે શુક્રવારના રોજ મામલતદાર સહિતનો સ્ટાફ એક દિવસની માસ સી.એલ પર ઉતરીને વિરોધ દર્શાવ્યો હતો. જ્યારે કચેરીનું તમામ કામકાજ ઠપ થઈ જતાં અહીં કામ અર્થે આવેલા અરજદારોને પરત જવાનો સમય આવવા સાથે કચેરી ખાલીખમ જોવાઈ રહી હતી.

શહેરા મામલતદાર કચેરીના મામલતદાર અને સ્ટાફ દ્વારા રાજ્ય મામલતદાર એસોસિએશન તરફથી આપેલા આદેશની લઈને ભરૂચના સાંસદ મનસુખ વસાવા દ્વારા મામલતદાર અને નાયબ મામલતદાર સાથે કરવામા આવેલા અશોભનીય વર્તનને લઈને વિરોધ દર્શાવ્યો હતો. મામલતદાર પુર્વેશ ડામોર સહિતના સ્ટાફ દ્વારા સાંસદ મનસુખ વસાવાના વિરોધમાં ગુરૂવારના રોજ કાળી પટ્ટી ધારણ કરીને પોતાની નૈતિક ફરજ બજાવી હતી. જ્યારે શુક્રવારના રોજ મામલતદાર કચેરીના મામલતદાર સહિતનો અન્ય સ્ટાફ સાંસદ મનસુખ વસાવાના આવા વર્તનને લઈને વિરોધ દર્શાવીને પોતાના કામકાજથી અળગા રહ્યા હતા. કચેરીનો સ્ટાફ માસ સીએલ પર હોવાથી વિવિધ શાખાઓ ખાલીખમ જોવા મળી રહી હતી. સાથે કચેરી ખાતે ગ્રામીણ વિસ્તારમાંથી કામ અર્થે આવેલા અરજદારોના કામો અટવાઈ ગયા હતા. જે રીતે કરજણના મામલતદાર સાથે અશોભનીય વર્તન થયા બાદ મામલતદાર એસોસિએશન મેદાનમાં આવી જતા હવે જોવું રહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા આ બાબતને કેટલી ગંભીરતા લેવામાં આવશે કે નહીં તે તો સમય આવે જ ખબર પડી જશે તો નવાઈ નહી.

## ગોધરા મેટ્રો ટી.વી.એસ.શોરૂમના સેલ્સ મેનેજરએ ઉચ્ચક અર્થે બતાવી ૩૩.૧૮ લાખ રૂપીયા અંગત ખર્ચમાં વાપરી નાખતા ફરિયાદ

ગોધરા,

ગોધરા–દાહોદ રોડ ઉપર આવેલ ટી.વી.એસ. શોરૂમમાં સેલ્સમેન મેનજેર તરીકે નોકરી કરતો હોય તેના દ્વારા ૨૩ મે ૨૦૨૦ થી ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં વેચાણ થયેલ વાહનો પેટે આર.ટી.ઓ. પેનલ્ટી તથા રજીસ્ટ્રેશનનો અધિકત ખર્ચ ૧૪,૪૦,૦૦૦/–રૂપીયા થતો હોય તેમ છતાં શોરૂમ માલિકની જાણ વગર રૂા.૩૩,૧૮,૧૨૭નો વધારાનો ખર્ચ રોજમેળમાં બતાવી ઉપાડી કરી અંગત ખર્ચમાં વાપરી વિશ્વાસઘાત કરતા આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા–દાહોદ રોડ ઉપર આવેલ મેટ્રો ટી.વી.એસ. શો રૂમ આવેલ છે. આ શો રૂમમાં વૈભવ જીતુભાઈ સોની રહે. દેવ રેસીડન્સી પાછળ બામરોલી રોડ સેલ્સમેન મેનેજર તરીકે નોકરી કરતા હોય શો રૂમમાં ૨૩/૫/૨૦૨૦ થી ૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં ૧૧૫૨ ટુ વ્હીલર વાહનોનું વેચાણ થયેલ છે. જેમાં વાહન પેટે આર.ટી.ઓ. પેનલ્ટી તથા રજીસ્ટ્રેશન સાથે અધિકત ખર્ચ ૧૪,૪૦,૦૦૦/–રૂપીયાનો થતો હોય તેમ છતાં આરોપી વૈભવ સોની દ્વારા ૨૩ મે ૨૦૨૦ થી ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં શો રૂમમાં વેચાણ થયેલ ૧૧૫૨ વાહનોનો આર.ટી.ઓ. પેનલ્ટી તથા રજીસ્ટ્રેશનના કુલ રૂા.૪૭,૧૪,૭૨૭/–નો ખર્ચ તેના હેન્ડ રાઈટીંગ થી અલગ–અલગ તારીખોમાં ઉચ્ચક ખર્ચાઓ શો રૂમના રોજમેળમાં બતાવી શો રૂમમાં વેચાણ થયેલ વાહનોના અધિકતમ ખર્ચ રૂા.૧૪,૪૦,૦૦૦/–બાદ કરતાં કુલ રોકડ રૂપીયા ૩૨,૭૪,૭૨૭/–નો વધારાનો ખર્ચ રોજમેળામાં બતાવી તેમજ વૈભવ સોનીએ પોતાના પર્સનલ વાહનમાં શો રૂમ માલિકની જાણ બહાર રૂપીયા ૪૩,૪૦૦/–નું પેટ્રોલ ભરાવી કુલ ૩૩,૧૮,૧૨૭/–રૂપીયાનો વધારાનો ખર્ચ રોજમેળમાં બતાવી ઉપાડ કરી અંગત ખર્ચમાં વાપરી નાખી છેતરપિંડી વિશ્વાસઘાત કરતાં આ બાબતે મેટ્રો ટી.વી.એસ.ના શો રૂમ માલિક કુલદીપસિંહ રાઠોડ દ્વારા આરોપી વિરૂદ્ધ એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી.

## શહેરાના બોરડી ગામના ઈસમે સબસીડી સહાયવાળી લોન અપાવાના નામે GST નાણાં પેટે ૧.૮૧ લાખ લઈ છેતરપિંડી કરતાં ફરિયાદ

ગોધરા,

શહેરા તાલુકાના બોરડી ગામના ઈસમે ફરિયાદી અને અન્ય લોકોને સબસીડી સહાયવાળી લોન આપવાના નામે જી.એસ.ટી. બીલના નાણાં પહેલા ચુકવવાના હોય તેમ કહી ૧,૮૧,૧૦૦/–રૂપીયા પડાવી લઈ વિશ્વાસઘાત છેતરપિંડી કરતા ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના બોરડી ગામે રહેતા ઈસમ ડાહ્યાભાઈ મેઘાભાઈ પરમાર (મકવાણા) એ દશરથસિંહ નરવતસિંહ સોલંકી અને અન્ય લોકોને સબસીડીની સહાયવાળી ખોટી લોન અપાવવાના નામે જી.એસ.ટી. બીલના નાણાં પહેલા ચુકવાના હોય તેવા વિશ્વાસમાં લઈને દશરથસિંહ અને અન્ય લોકો પાસેથી લોનની લાલચ આપી ૧,૮૧,૧૦૦/–રૂપીયા પડાવી લીધા હતા. છેતરપિંડી વિશ્વાસઘાત કર્યો હતો. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે દશરથસિંહ સોલંકી દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## અલીરાજપુરના કડીવાડા અને છોટાઉદેપુરના ઝોઝ ગામેથી પ્રોહિબીશનના વોન્ટેડ આરોપીને LCB પોલીસે ઝડપ્યા



ગોધરા,

પંચમહાલ જીલ્લાના વિવિધ પોલીસ મથકના પ્રોહિબીશનના ગુનામાં વોન્ટેડ આરોપીઓ અંગે ગોધરા એલ.સી.બી.ને બાતમી મળી હતી કે, છોટાઉદેપુરના ઝોઝ (ધોબી સામલ) ગામે હાટ બજારમાં આવવાના હોય તેવી બાતમીના આધારે વોચ ગોઠવી પાંચ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા.

પંચમહાલ જીલ્લાના અલગ–અલગ તાલુકાઓમાં નોંધાયેલ પ્રોહિબીશનના ગુનામાં વોન્ટેડ આરોપીઓ નાસતા ફરતા હોય તેવા આરોપી અંગે પંચમહાલ એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશના અલીરાજપુરના કડીવાડા અને છોટાઉદેપુરના ઝોઝ (ધોબી સામલ) ગામે હાટ બજારમાં ખરીદી માટે આવવાના હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી. વોચ ગોઠવી હતી. પ્રોહિબીશનના ગુનાના આરોપીઓ નરેશ ઉર્ફે નરીયા ગનીયા કીરાડ (ગોળઆંબા, કઠીવાડા, અલીરાજપુર), પ્રવિણ કનુભાઈ ચૌહાણ (રહે. મોટી વડોઈ, ભઠ્ઠવાડા, અલીરાજપુર), રાકેશ સાબીરભાઈ રાઠવા (રહે.ચીસાડીયા, છોટાઉદેપુર), દામસીંગ ઉર્ફે દામા તેરસીંગભાઈ રાઠવા (રહે.ધોધાદેવ, છોટાઉદેપુર)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. જે તે તાલુકા પોલીસ મથકને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

## ઘોઘંબાના વાડીનાથ ગામે

# બાળ મજૂરો ઉપર નભતા સમશૂલ પઠાણના ખિસ્સા માંથી તંત્ર ક્યારે બહાર આવી કાર્યવાહી કરશે...?



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના વાડીનાથ ગામે આવેલ શ્રીજીબ્રિક્સ નામનો ભઠ્ઠો ચલાવતો સમશૂલ પઠાણના ભઠ્ઠા ઉપર આજે પણ ભરતડકામાં બાળ મજૂરો પોતાનો પરસેવો પાડી રહ્યા છે. તંત્રને ખિસ્સામાં લઈને ફરનારા સમશૂલ પઠાણનો જવાબ લેવાની પણ તંત્રની હિંમત ચાલતી નથી. પરપ્રાંતીય મજૂરોને બંધક બનાવી તેમના બાળકો પાસે પણ ભરતડકામાં મજૂરી કરાવી શોષણ કરતો હોવાની કેફિયત મજૂરોએ જણાવી હતી. ધોમધખતા તડકામાં કામ કરતા મજૂરોના વિડીયો જોઈને પણ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડનું હૃદય પીગળતું નથી કે રૂંવાડુંય ફરકતું નથી. ત્યારે તંત્રને મારા ખિસ્સામાં રાખું છું તેઓ વટ મારતો સમશૂલ સાચું જ કહે છે કે, તંત્ર તેની સામે નતમસ્તક છે. પોલ્યુશન કંટ્રોલમાં રાખવા માટે જેની નિમણૂંક કરવામાં આવી છે. તે અધિકારીઓ અનીતિના પૈસા બનાવવામાં કંટ્રોલ બહાર થઈ ગયા છે. પૈસાની લાલચમાં માનવતા પણ ભૂલી ગયા છે. યુવાઓ દેશનું ભવિષ્ય છે. ત્યારે બાળકો ભવિષ્યના યુવાઓ છે. બાળક ભણશે ત્યારે યુવાન બની દેશ માટે કંઈક કરી બતાવશે. ત્યારે બાળ મજૂરી કરાવી એ બાળ ભૃણ હત્યા કરવા બરાબર છે. બાળકોના પરસેવાથી અને મજુરોના નીસાસાથી બનેલી ઈંટની ઈમારત કેવી બનશે એ તો રામ જાણે પરંતુ બાળકો પાસે બાળ મજૂરી કરાવી શ્રમજીવીઓને બંધક બનાવી શોષણ કરતા આવા જલ્લાદોને જેલભેગા કરવા જોઈએ. તેવું ગ્રામજનો જણાવી રહ્યા છે.

## રાયસિંગપુરા પ્રાથમિક શાળા ‘કલા મહાકુંભ’માં રાસ ઈવેન્ટમાં પ્રથમ નંબરે આવી



ગોધરા,

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના જિલ્લા રમત–ગમત કચેરી પંચમહાલ ગોધરા દ્વારા આયોજિત ગોધરા તાલુકાનો કલા મહાકુંભ કાર્યક્રમ આજે ગોધરાની ધી એમ.એસ. માદ્યમિક અને ઉ.મા હાઈસ્કૂલ મહુલીયા ખાતે ભારે દબદબાભેર સંપન્ન થયો. જેમા ગોધરા તાલુકાની રાયસિંગપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ કલા મહાકુંભમાં રાસ સ્પર્ધામાં પ્રથમ નંબરે આવી શાળાનું ગૌરવ વધાર્યુ છે. વિવિધ કલાઓની આ સ્પર્ધામાં તાલુકામાંથી આવેલ વિવિધ સ્પર્ધકોમાં વિદ્યાર્થીઓએ સર્વશ્રેષ્ઠ દેખાવ કરીને ભાણપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રાસ ઈવેન્ટમાં બીજો નંબર મેળવી રાયસિંગપુરા પ્રાથમિક શાળાનું ગૌરવ વધારતાં રાય સિંગપૂરા ગામ અને પે સેન્ટર મહેલોલ ગૌરવ વધાર્યુ છે. સતત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ચિંતિત રહેતી રાયસિંગપુરા પ્રાથમિક શાળાના શિક્ષક અને ઈવેન્ટ ટીમ લીડર મહેન્દ્ર ડી પરમાર અને ચંદુભાઈ તાવિયાડના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગમાં રાસ સ્પર્ધામાં બીજો નંબર આવતાં શાળાના આચાર્ય દિગેશભાઈ દરજી, શિક્ષકો સર્વ જતીનભાઈ પાઠક, દલપતભાઈ બારીયા તથા ધર્મિષ્ઠાબેન મહિડા સહિત સીઆરસી કો.ઓર્ડીનેટર ઈન્દ્રવદન પટેલે અભિનંદન પાઠવ્યા છે.

## મોરવા(હ)ના વાલૈયા ગામેથી ૨૭ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના વાલૈયા ગામે નિસરતા ફળીયામાં રહેતો ઈસમ પોતાના રહેણાંક ઘરની બાજુમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૨૭,૭૮૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના વાલૈયા ગામે નિસરતા ફળીયામાં રહેતા માનાભાઈ ઉર્ફે મનુ પર્વતભાઈ નિસરતા પોતાના રહેણાંક મકાનની બાજુમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખી ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન બીયર ટીન, પ્લાસ્ટીક કવાટરીયા, ડીલકસ વ્હીસ્કી કવાટરીયા મળી ૨૭,૭૮૦/–રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસની રેઈડ દરમ્યાન આરોપી બુટલેગર મળી નહીં આવતાં વોન્ટેડ જાહેર કરી મોરવા(હ) પોલીસ મથકે પ્રોહિબીશનનો ગુનો નોંધાવામાં આવ્યો.

## લીમખેડા તાલુકાની પરમારના ખાખરીયા પ્રા.શાળામાં ગીત સંગીત સ્પર્ધાનું આયોજન કરાયું



લીમખેડા,

પરમારના ખાખરીયા પ્રાથમિક શાળામાં ગીત– સંગીત અંતર્ગત શાળા કક્ષાનો ગીતગાન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. વિશ્વવ્યાપી કોરાના કહેર બાદ શાળામાં શિક્ષણ કાર્ય નિયમિત શરૂ થઈ રહ્યું છે. ત્યારે બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી પરમારના ખાખરીયા પ્રાથમિક શાળા તાલુકો લીમખેડા ખાતે તા.૦૪/૦૩/૨૦૨૨ના રોજ શાળા કક્ષાની ગીત ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા ૬ થી ૮ ના બાળકો એ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જુદા જુદા ગુજરાતી ગીતો, ફિલ્મ ગીતો ગાયા હતા. આ સ્પર્ધામાં ધોરણ સાતની વિદ્યાર્થીની મોહનીયા પ્રિયંકાબેન રસુભાઈ પ્રથમ નંબરે વિજેતા થઇ હતી. જે બદલ શાળા પરિવાર તરફથી તેઓને પ્રમાણપત્ર અને પ્રોત્સાહન માટે ઈનામ આપવામાં આવ્યું હતું. શાળાના મુખ્ય શિક્ષકા કામીનાબેન પટેલ અદયક્ષ હતા. શાળાના સિનિયર શિક્ષક ચીમનભાઈ માવી, ભાવનાબેન પરમાર અને કંપાબેન પટેલે નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. આ તમામ સ્પર્ધાનું આયોજન શાળાના શિક્ષક હિંમતભાઈ પરમાર અને ધર્મેન્દ્રસિંહ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગોધરા ખાતે મહિલા ઉમેદવારો માટે જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો યોજાયો

ગોધરા,

આજે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા અને મહિલા અને બાળ અધિકારીની કચેરીના સંયુકત ઉપક્રમે આઈ.ટી.આઈ.ગોધરા ખાતે મહિલા ઉમેદવારો માટે અનુબંધમ પોર્ટલ www.anubandham.gujarat.gov.in પર ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર તેમજ મહિલાલક્ષી કાયદા અને યોજનાઓ અંગેનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. ભરતી મેળામાં એમ.જી.મોટર, હાલોલ એલ.આઈ.સી, હાલોલ, યશસ્વી એકેડેમી ફોર સ્કીલ, અમદાવાદ, કિરિયર બ્રિજ સોલ્યુશન, અમદાવાદ અને ક્રિએટીવ સર્કલ અમદાવાદ એમ કુલ પાંચ નોકરીદાતા એકમોએ સ્થળ પર હાજર રહીને કુલ ૨૭૦ જેટલી નીમ ટ્રેઈની, ફાઈનાન્સ પ્લાનર, લાઈન ઓપરેટર, મશીન ઓપરેટર, હેલ્પર વગેરે ટેકનિકલ/ નોન ટેકનિકલ જગ્યા માટે રોજગાર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૫૦ થી વધુ મહિલા ઉમેદવારોએ ભાગ લીધો. ભરતી મેળામાં પ્રાથમિક પસંદગી બાદ ઉમેદવારોની નોકરીદાતા દ્વારા તેમનાં એકમમાં મેડિકલ અને ડોકયુમેન્ટ વેરીફીકેશન કરીને રોજગારીની તકો આપવામાં આવશે. ઉમેદવારોને ભરતી મેળામાં સ્વરોજગારલક્ષી લોન સહાય અને વ્યવસાયલક્ષી તાલીમ યોજનાની માહિતી તેમજ અનુબંધમ પોર્ટલ રજીસ્ટ્રેશન અંગેની માહિતી આપવામાં આવી હતી. રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણ દ્વારા ઉમેદવારોને અનુબંધમ પોર્ટલ, એન.સી.એસ પોર્ટલ અને કારકિર્દી અંગે રોજગારલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું. મહિલા અને બાળ અધિકારીની કચેરીનાં અધિકારી દ્વારા તેમજ બાળ સુરક્ષા એકમ દ્વારા મહિલાલક્ષી કાયદા અને યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનનાં ડાયરેકટર અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ઉદ્યોગ નિરિક્ષક દ્વારા સ્વરોજગાર લક્ષી યોજનાઓ અને લોન સહાય અને તાલીમ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.